RNI No. GUJGUJ/2016/70752
NAVSARJAN SANSKRUTI



# નવસર્જન સંસ્કૃતિ

નવસર્જન સંસ્કૃતિ

અમદાવાદથી પ્રસિદ્ધ થતું દૈનિક

Volume : 10
Issue : 009
Dt.: 13-11-2025,
Thursday
Page:04
Rs.00.50 paisa

EDITOR : RAGINI JIGNESHKUMAR VAGHELA Regd. Office : B/13, Sneh Plaza Shopping Centre, I.O.C. Road, Chandkheda, Ahmedabad-382 424, Gujarat, India.

Phone : 76983 33307 (M) 84859 51747, 70963 33307 ● Email : navsarjansanskruti2016@gmail.com ● Email : navsarjansanskruti2016@yahoo.com ● Website : www.navsarjansanskruti.com

### ડૉ. મુજમ્મિલની પૂછપરછમાં ડરામણો ખુલાસો

# ૨૬ જાન્યુઆરીએ લાલ કિલ્લા ઉપર હુમલાનો હતો પ્લાન

## દિલ્હી જ નહીં, રામ મંદિર અને કાશી વિશ્વનાથ મંદિર પણ હતું નિશાને, સ્લીપર સેલ હતો સક્રિય, પૂછપરછમાં આતંકવાદી શાહીનનો ખુલાસો

(સંપૂર્ણ સમાચાર સેવા)નવી દિલ્હી

સોમવારે દિલ્હીના ઐતિહાસિક લાલ કિલ્લા પાસે એક કારમાં થયેલા બ્લાસ્ટથી આખો દેશ હચમચી ઉઠ્યો છે. પોલીસ અને એજન્સીઓએ અત્યાર સુધીમાં અનેક શંકાસ્પદોની અટકાયત કરી છે. દિલ્હી બ્લાસ્ટના ત્રણ પ્રમુખ શંકાસ્પદોમાં ડૉ. મુજમ્મિલ, ડૉ. આદિલ અહેમદ ડાર અને ડૉ. ઉમર છે. ડૉ. ઉમર બ્લાસ્ટ સમયે જ માર્યો ગયો હોવાની આશંકા વ્યક્ત કરવામાં આવી રહી છે, જ્યારે બીજી તરફ ડૉ. મુજમ્મિલ અને ડૉ. આદિલ અહેમદ ડારની ધરપકડ કરવામાં આવી છે. હવે મુજમ્મિલની પૂછપરછમાં ડરામણો ખુલાસો થયો છે. આ ડરામણો ખુલાસો એ છે કે આ લોકોએ દિલ્હીના લાલ કિલ્લા પર હુમલાનો પ્લાન બનાવ્યો હતો.

દિલ્હી બ્લાસ્ટ મામલે મુજમ્મિલની પૂછપરછમાં એક મોટો ખુલાસો થયો છે. પૂછપરછમાં જાણવા મળ્યું છે કે ડૉ. મુજમ્મિલ અને ડૉ. ઉમરે લાલ કિલ્લાની રેકી કરી હતી. આ માહિતી ડૉ. મુજમ્મિલના ફોનના ડમ્પ ડેટામાંથી મળી છે. પૂછપરછમાં તપાસ એજન્સીને એ પણ જાણવા મળ્યું છે કે, તેમનો પ્લાન ૨૬ જાન્યુઆરીએ લાલ કિલ્લાને ટાર્ગેટ કરવાનો હતો. તેઓ દિવાળી પર પણ ભીડભાડવાળી જગ્યાને નિશાન બનાવવાની યોજના બનાવી રહ્યા હતા.

સોમવારે જમ્મુ-કાશ્મીર અને હરિયાણા પોલીસે ફરીદાબાદમાંથી ૨,૯૦૦ કિલો એમોનિયમ નાઈટ્રેટ જપ્ત કર્યું હતું. તેના કલાકોમાં જ લાલ કિલ્લા પાસે બ્લાસ્ટ થયો હતો. પોલીસ સૂત્રોનું કહેવું છે કે ડૉ. ઉમર જૈશ-એ-મોહમ્મદ આતંકવાદી મોડ્યુલનો એક સભ્ય હતો, જેમાં ડૉ. મુજમ્મિલ અને ડૉ. આદિલ અહેમદ ડાર પણ સામેલ હતા. દિલ્હી વિસ્ફોટોમાં મૃત્યુઆંક વધીને ૧૩ થઈ ગયો છે અને ૨૧ ઘાયલ લોકોની હૉસ્પિટલમાં સારવાર ચાલી રહી છે. આમાંથી પણ ઘણાની હાલત ગંભીર છે.

જમ્મુ-કાશ્મીર પોલીસ હાફિઝ ઈશ્તિયાકને ફરીદાબાદથી શ્રીનગર લઈ ગઈ છે. તમને જણાવી દઈએ કે ડૉ. મુજમ્મિલે હાફિઝ ઈશ્તિયાકનું જ ઘર ભાડે રાખ્યું હતું. મુજમ્મિલે હાફિઝ ઈશ્તિયાક પાસેથી ભાડે લીધેલા ઘરના એક રૂમમાંથી ૨૫૬૩ કિલો વિસ્ફોટકો મળી આવ્યા હતા. NIA પણ હાફિઝ ઈશ્તિયાકની પૂછપરછ કરી રહી છે.

દિલ્હી વિસ્ફોટોની સુરક્ષા એજન્સીઓ દ્વારા તપાસ આગળ વધતાં, ચોંકાવનારા ખુલાસા બહાર આવી રહ્યા છે. મળતી માહિતી મુજબ, આતંકવાદીઓએ માત્ર દિલ્હી જ નહીં, પરંતુ અયોધ્યા રામ મંદિર સહિત ઉત્તર પ્રદેશના અનેક ધાર્મિક સ્થળોને પણ નિશાન બનાવ્યા હતા. આતંકવાદીઓ વારાણસી અને અયોધ્યામાં પણ વિસ્ફોટ કરવા માંગતા હતા.

ફરીદાબાદથી ધરપકડ કરાયેલા આતંકવાદી મોડ્યુલના સભ્ય ડૉ. શાહીનની પૂછપરછ દરમિયાન આ ખુલાસો થયો હતો. શાહીને વિસ્ફોટો માટે અયોધ્યામાં એક સ્લીપર મોડ્યુલ સક્રિય કર્યો હતો. જોકે, સ્લીપર સેલ અયોધ્યા અથવા વારાણસીમાં તેમની યોજનાઓને પાર પાડે તે પહેલાં, ફરીદાબાદમાં ATS અને પોલીસના દરોડા દરમિયાન વિસ્ફોટકોનો મોટો જથ્થો મળી આવ્યો હતો.

સુરક્ષા એજન્સીઓની તપાસમાં ખુલાસો થયો છે કે શાહીન ભારતમાં જમાત-ઉલ-મોમિનતનો મુખ્ય કમાન્ડર હતો, જેનો નેતૃત્વ આતંકવાદી મસૂદ અઝહરની બહેન સાદિયા અઝહર કરી રહી હતી. શાહીન જમાત ઉલ-મોમિનતમાં છોકરીઓની ભરતી માટે જવાબદાર હતી, જેમની પાસે પહેલાથી જ કટ્ટરપંથી વિચારસરણી હતી. તેણીએ આર્થિક રીતે નબળા મહિલાઓને નિશાન બનાવી હતી.

વધુમાં, તેણીને "દૌરા-એ-તસ્કિયા" નામની મહિલા આતંકવાદીઓ માટે પ્રારંભિક તાલીમ આપવાનું પણ કામ સોંપવામાં આવ્યું હતું. આ તાલીમ કાર્યક્રમ નવી મહિલા આતંકવાદીઓનું બ્રેન વોશ કરવાનું કામ કરે છે અને તેમને શીખવે છે કે સ્વર્ગ મેળવવા માટે ભારત સામે જેહાદ જરૂરી છે. શાહીને જૈશના દૌરા આયત-ઉલ-નિસામાં પણ તાલીમ મળી છે. શાહીને ધાર્મિક ગ્રંથોમાં જેહાદના મહત્વ વિશે મહિલાઓને શિક્ષિત કરવા માટે તાલીમ મળી છે. શાહીનનો ધ્યેય જૈશ-એ-મોહમ્મદમાં જોડાવા માટે વધુ મુન્તાઝીમા (ટીમ લીડર) ની ભરતી કરવાનો હતો. શાહીન તેમને જૈશની મહિલા પાંખ, જમાત ઉલ-મોમિનત સાથે જોડવા માટે ઓનલાઈન વર્ગો પણ તૈયાર કરી રહી હતી. આ બ્રિગેડમાં એવી ભારતીય મહિલાઓનો સમાવેશ કરવાનો હતો જેમના પુરુષો પહેલાથી જ આતંકવાદી પ્રવૃત્તિઓ માટે ધરપકડ કરવામાં આવી હતી, અને મહિલાઓને લાગ્યું કે તેમને ભારત સરકાર દ્વારા જાણી જોઈને ફસાવવામાં આવ્યા છે. શાહીને તાલીમ દરમિયાન જૈશના મહિલા આતંકવાદીઓને મસૂદ અઝહરનું પુસ્તક પૂરું પાડવાની યોજના બનાવી હતી. આ તાલીમ દ્વારા શાહીન મહિલા આત્મઘાતી બોમ્બરો વિકસાવવાની પણ યોજના બનાવી હતી. અહેવાલો અનુસાર, શાહીન મસૂદના ભાઈ, તલ્હા અલ-સૈફ સાથે સીધા સંપર્કમાં રહી છે. શાહીન પોતે ઘણી તબીબી સંસ્થાઓમાં કામ કરી ચૂકી હોવાથી, તેણે તેના વર્તુળના ડોકટરો અને નર્સોને આતંકવાદી તાલીમમાં સામેલ કરવાની યોજના બનાવી હતી.

### શોબા એ દાવતમાં બ્રેનવોશનો ખતરનાક ખેલ છે

# પકડાયેલી મહિલા ડોક્ટર શાહીન શાહીદનો ખૌફનાક પ્લાન શોબા એ દાવત ડિકોડ થયો

## શોબા એ દાવત જૈશનો એક એવો વિભાગ છે જે નવી ભરતીના દિમાગમાં ગંદકી, નફરત કે એક પ્રકારે બ્રેન વોશ કરે છે

(સંપૂર્ણ સમાચાર સેવા)નવી દિલ્હી

ભારતની ગુપ્તચર એજન્સીઓએ એક એવા ષડયંત્રનો પર્દાફાશ કર્યો છે જેના વિશે સાંભળીને રૂવાડાં ઊભા થઈ જશે. જૈશ એ મોહમ્મદનો ખતરનાક પ્લાન શોબા એ દાવત સંપૂર્ણ રીતે ડીકોડ થઈ ચૂક્યો છે. તેની કમાન ભારતમાં મહિલા ડોક્ટર શાહીનના હાથમાં હતી. જે ભારતમાં જમાત ઉલ મોમિનાતની ચીફ કમાન્ડર છે. સૂત્રોએ જણાવ્યું કે શાહીનનો પ્લાન શોબા એ દાવત ડિકોડ થઈ ચૂક્યો છે. જમાન ઉલ મોમિનાતને આતંકી સંગઠન મસૂદ અઝહરની બહેન સાદિયા અઝહર ચલાવે છે. આ સંગઠનનું કામ મહિલાઓને જેહાદ માટે તૈયાર કરવાનું છે. શાહીદને ખાસ જવાબદારી મળી હતી કે તે કટ્ટર વિચારધારા ધરાવતી છોકરીઓને ટાર્ગેટ કરે અને તેમને જૈશ સાથે જોડે. શોબા એ દાવતમાં બ્રેનવોશનો ખતરનાક ખેલ છે. શોબા એ દાવત જૈશનો એક એવો વિભાગ છે જે નવી ભરતીના દિમાગમાં ગંદકી, નફરત કે એક પ્રકારે બ્રેન વોશ કરે છે. સૂત્ર જણાવે છે કે શોબા એ દાવતની સંપૂર્ણ જવાબદારી ભારતમાં શાહીનને મળી હતી. આ ટ્રેનિંગમાં નવી મહિલા આતંકીઓનું બ્રેઈનવોશ કરાય છે અને તેમને સમજાવવામાં આવે છે કે જન્નતમાં જવા માટે ભારત વિરુદ્ધ જેહાદ કરવું જરૂરી છે. શાહીનને શરૂઆતી ટ્રેનિંગ દૌરા એ તસ્કિયાની જવાબદારી સોંપાઈ હતી. જેમાં છોકરીઓમાં ધાર્મિક પુસ્તકોના બહાને જેહાદનું ઝેર ભરાતું હતું. તે પહેલેથી કટ્ટર છોકરીઓને ટાર્ગેટ કરતી. એવી છોકરીઓ જેમના મનમાં નફરતના મૂળિયા પાક્કા થઈ ચૂક્યા હતા. શાહીન પોતે જૈશની દૌરા આયત ઉલ નિસાહ ટ્રેનિંગ લઈ ચૂકી છે. સૂત્રોના જણાવ્યાં મુજબ ધર્મના પુસ્તકોમાં મહિલાઓ માટે પણ જેહાદ કરવા વિશે જણાવવા માટે શાહીનને ટ્રેનિંગ મળેલી છે. તેનો હેતુ વધુમાં વધુ મંતઝિમા (ટીમ લીડર)બનવવાનો હતો, જેથી કરીને તેમના દ્વારા વધુ મહિલાઓને જૈશ સાથે જોડવામાં આવી શકે. ઓનલાઈન ક્લાસિસનું પ્લાનિંગ પણ ચાલુ હતું. જેમાં ભારતની એવી મહિલાઓને સામેલ કરવાનું હતું જેમના ઘરોમાંથી પુરુષ આતંકી ગતિવિધિઓમાં પકડાયેલા હોય. તેમને એવું લાગતું હોય કે સરકારે તેમને ફસાવ્યા છે.

શાહીનનુ સૌથી મોટું હથિયાર એ ખોટું વચન હતું જેમાં કહેવાતું કે મરતા જ જન્નત મળશે. તે કટ્ટર વિચારધારાવાળી છોકરીઓને ટાર્ગેટ કરતી હતી. સૂત્ર કહે છે કે આ ટ્રેનિંગમાં નવી મહિલા આતંકીઓનું બ્રેઈનવોશ કરાય છે અને તેમને સમજાવવામાં આવે છે કે જન્નતમાં જવા માટે ભારત વિરુદ્ધ જેહાદ કરવું જરૂરી છે. શોબા એ દાવત હેઠળ તે દૌરા એ તસ્કિયા નામની પ્રાથમિક ટ્રેનિંગ પણ આપવાની હતી. તેમાં ધાર્મિક પુસ્તકોના નામે ઝેર ભરાતું હતું. શાહીન પોતે જૈશની દૌરા આયત ઉલ નિસાહ ટ્રેનિંગ લઈ ચૂકી છે જ્યાં તેને શીખવાડવામાં આવ્યું હતું કે મહિલાઓ પણ જેહાદ કરી શકે છે.

# એક્ઝિટ પોલ્સ કરતા સાવ અલગ: બિહાર ચૂંટણી ઉપર ફલૌદી સટ્ટા બજારની આગાહીએ બધાને ચોંકાવ્યા

(સંપૂર્ણ સમાચાર સેવા)પટણા

બિહાર વિધાનસભા ચૂંટણીના બંને તબક્કાનું મતદાન પૂરું થઈ ગયું છે. હવે પરિણામો પર ચર્ચા શરૂ થઈ ગઈ છે. નીતિશકુમારની સરકાર રહેશે કે પછી સત્તા પરિવર્તન થશે અને મહાગઠબંધન આવશે તેની અટકળો થઈ રહી છે. મોટાભાગના એક્ઝિટ પોલના પરિણામોમાં એનડીએની સરકાર બનતી જોવા મળી રહી છે પરંતુ તેનાથી ઉલટું ફલૌદી સટ્ટા બજારના આંકડાએ બધાને આશ્ચર્યચકિત કર્યા છે.

ફલૌદી સટ્ટા બજારનો માર્કેટ રેટ એક્ઝિટ પોલથી અલગ જ બીજી એક નવી કહાની દેખાડે છે. સટ્ટા બજાર મુજબ બિહારમાં એનડીએ અને મહાગઠબંધન વચ્ચે કાંટાની ટક્કર જોવા મળી શકે છે. એટલું જ નહીં તેજસ્વી યાદવની રાષ્ટ્રીય જનતા દળ પાર્ટી ભાજપ અને નીતિશકુમારની જેડીયુને પાછળ છોડીને સૌથી મોટી પાર્ટી પણ બની શકે છે. ફલૌદીના સટ્ટા બજારની ભવિષ્યવાણીઓ માનીએ તો બિહારમાં એનડીએ અને મહાગઠબંધન બંને માટે સંભાવનાઓના દરવાજા હજુ પણ ખુલ્લા છે. ફલૌદી સટ્ટા બજારના માર્કેટ રેટ મુજબ બિહારમાં એનડીએને ૧૦૫ થી ૧૩૫ સીટો મળી શકે છે. એ જ રીતે મહાગઠબંધનને ૯૭ થી ૧૨૭ સીટો મળી શકે છે. એ જ રીતે અન્યને ત્રણથી આઠ સીટો મળી શકે છે. પ્રશાંત કિશોરની જન સુરાજ પાર્ટીને લઈને ફલૌદીનું સટ્ટા બજાર જરાય ઉત્સાહિત નથી. પ્રશાંત કિશોરની પાર્ટી માટે ખાતું ખુલવું કોઈ ઉપલબ્ધિથી કમ નહીં હોય. ઓવૈસીની પાર્ટીની સામે પણ ગત રેકોર્ડ દોહરાવવો મોટો પડકાર હશે. ફલૌદીના સટ્ટા બજાર મુજબ બિહારમાં હજુ નીતિશકુમાર અને તેજસ્વી યાદવ બંને માટે સંભાવનાઓના દરવાજા ખુલ્લા છે. અહીં એનડીએ અને મહાગઠબંધનમાંથી કોઈની પણ સરકાર બની શકે છે. જો કે એનડીએની સરકાર બનવા અંગે ૫૪ ટકા લોકો દાવ લગાવી રહ્યા છે. જ્યારે તેજસ્વી યાદવના મહાગઠબંધન પર ૪૬ ટકા લોકો. ફલૌદી સટ્ટા બજારમાં લાગેલા દાવ મુજબ તેજસ્વી યાદવની રાષ્ટ્રીય જનતા દળ પાર્ટી બિહારમાં સૌથી મોટી પાર્ટી બનીને ઊભરી શકે છે. તેજસ્વી યાદવની આરજેડી ઓછામાં ઓછી ૭૫ સીટો જીતીને સૌથી મોટી પાર્ટી બની શકે છે. ભાજપ તેનાથી થોડી ઓછી સીટો મેળવીને બીજા નંબરે આવી શકે અને નીતિશ કુમારની જેડીયુ ૫૫થી ૬૦ સીટો આસપાસ મેળવીને ત્રીજા નંબરની પાર્ટી બની શકે છે. મહાગઠબંધન માટે કોંગ્રેસ નબળી કડી સાબિત થઈ શકે છે. કોંગ્રેસ પાર્ટી બે ડઝન સીટો મેળવે એવી પણ ફલૌદી સટ્ટા બજાર શક્યતા વ્યક્ત કરતું નથી. સટ્ટા બજાર મુજબ એનડીએને બહુમત મળે તો પણ નીતિશકુમાર સીએમ બને એ નક્કી નહીં હોય. એનડીએને બહુમત મળે તો નીતિશકુમારની સીએમ બનવાની શક્યતા ફક્ત ૬૦ ટકા રહેશે. ભાજપના સીએમ બનવાની સંભાવના પણ ૨૦થી ૨૫ ટકા હશે. મહાગઠબંધનને બહુમત મળે તો તેજસ્વી યાદવ મુખ્યમંત્રી બને તેવા ૯૭ ટકાથી વધુ ચાન્સ છે.

હવે જોવાનું એ રહેશે કે બિહાર ચૂંટણીના પરિણામોને લઈને એક્ઝિટ પોલ સાચા પડે છે કે પછી ફલૌદી સટ્ટા બજારનો ઈતિહાસ કાયમ રહે છે. અત્રે જણાવવાનું કે ફલૌદી રાજસ્થાનનું એક એવો કસ્બો છે જ્યાનું સટ્ટા બજાર આખા વિશ્વમાં ચર્ચિત છે. અહીંનું સટ્ટા બજાર ચૂંટણી અને ખેલોના પરિણાોને લઈને સટીક અનુમાન કરવા માટે જાણીતું છે.

### લાલ કિલ્લા પાસે ભયાનક મંજર જોવા મળ્યો

# દિલ્હી લાલ કિલ્લા બ્લાસ્ટના સીસીટીવી સામે આવ્યા

## બ્લાસ્ટના લાઈવ વીડિયોમાં જૈશના શંકાસ્પદ આતંકી ઉમરની કારમાં બ્લાસ્ટ થતો જોવા મળી રહ્યો છે

(સંપૂર્ણ સમાચાર સેવા)નવી દિલ્હી

દેશની રાજધાની દિલ્હીમાં સોમવારે થયેલા બ્લાસ્ટમાં ૧૨ લોકોના મોત થયા હતા, જ્યારે ૨૪ લોકો ઈજાગ્રસ્ત છે. આ બ્લાસ્ટને લઈને અત્યાર સુધી ઘણા ખુલાસા થયા છે. તો બીજીતરફ હવે બ્લાસ્ટના CCTV ફુટેજ સામે આવ્યા છે. તેમાં બ્લાસ્ટ થતો સ્પષ્ટ જોવા મળી રહ્યો છે. બ્લાસ્ટના લાઈવ વીડિયોમાં જૈશના શંકાસ્પદ આતંકી ઉમરની કારમાં બ્લાસ્ટ થતો જોવા મળી રહ્યો છે.

લાલ કિલ્લા અને ચાંદની ચોક પર સીસીટીવીથી નજર રાખવામાં આવે છે. આ CCTV કંટ્રોલ રૂમમાં જુઓ કઈ રીતે ધમાકો જોવા મળી રહ્યો છે. જે સમયે બ્લાસ્ટ થયો તે ઘટના સીસીટીવીમાં કેદ થઈ છે. ચારે તરફ ભીડ જોવા મળી રહી છે અને અચાનક કારમાં બ્લાસ્ટ થાય છે. આ ભયાનક બ્લાસ્ટ સીસીટીવીમાં કેદ થયો છે. બ્લાસ્ટ બાદ લોકો ભાગતા જોવા મળી રહ્યાં છે. સોમવારે સાંજે દિલ્હીમાં લાલ કિલ્લા પાસે એક વિસ્ફોટ થયો હતો, જેમાં ૧૨ લોકોના મોત થયા હતા. દેશભરની અનેક એજન્સીઓ આ કેસની તપાસ કરી રહી છે. અત્યાર સુધીમાં આશરે ૨૦ લોકોની ધરપકડ કરવામાં આવી છે. દેશભરમાં દરોડા પણ પાડવામાં આવી રહ્યા છે.

### દિલ્હી વિસ્ફોટ પર મહેબૂબા મુફ્તીનું મોટું નિવેદન

# જમ્મુ-કાશ્મીરના ડોકટરોની સંડોવણી પર મહેબૂબા મુફ્તીએ ચિંતા વ્યક્ત કરી

(સંપૂર્ણ સમાચાર સેવા)જમ્મુ

દિલ્હીમાં લાલ કિલ્લા પાસે થયેલા બોમ્બ વિસ્ફોટની ગંભીર ઘટના પર પીડીપી (PDP) ચીફ મહેબૂબા મુફ્તીએ પ્રતિક્રિયા આપી છે. તેમણે કહ્યું કે, જો આ ઘટનામાં શિક્ષિત યુવાનો અને ડોકટરો સંડોવાયેલા હોય, તો તે "ફરી એકવાર આપણા સમુદાયને કલંકિત કરશે" અને તે "ખૂબ જ ચિંતાનો વિષય" છે. બુધવારે શ્રીનગરમાં તેમણે દિલ્હી સરકારને આ મામલે ઝડપી અને નિષ્પક્ષ તપાસ કરવાની અપીલ કરી હતી. મુફ્તીએ ભારપૂર્વક જણાવ્યું હતું કે, જ્યાં સુધી ગુનો સાબિત ન થાય ત્યાં સુધી આરોપીઓના પરિવારો, માતા-પિતા અને સંબંધીઓ ને ગુનેગાર ન માનવા જોઈએ અને તેમની સાથે યોગ્ય વર્તન થવું જોઈએ.

પીડીપી ચીફ મહેબૂબા મુફ્તીએ દિલ્હીના લાલ કિલ્લા નજીક થયેલા કાર વિસ્ફોટ અંગે ચિંતા વ્યક્ત કરી છે. ખાસ કરીને, જો આ ઘટનામાં જમ્મુ અને કાશ્મીરના શિક્ષિત યુવાનોની સંડોવણીના અહેવાલો સાચા હોય તો તેના ગંભીર પરિણામો આવી શકે છે. મહેબૂબા મુફ્તીએ કહ્યું કે, "જો આપણા જમ્મુ અને કાશ્મીરના સૌથી બુદ્ધિશાળી અને શક્તિશાળી મગજ, જે ડોકટરો છે, સંડોવાયેલા હોય, તો તે આપણા સમુદાય માટે ખૂબ જ ચિંતાનો વિષય છે." તેમણે આશંકા વ્યક્ત કરી કે આ પ્રકારની ઘટનાઓ "ફરી એકવાર આપણા સમુદાયને કલંકિત કરશે".

તેમણે ભારપૂર્વક કહ્યું કે જમ્મુ અને કાશ્મીરના ડોકટરો સંડોવાયેલા છે કે કેમ તે નક્કી કરવા માટે નિષ્પક્ષ તપાસ થવી જોઈએ.

બુધવારે શ્રીનગરમાં મીડિયા સાથે વાતચીત દરમિયાન મહેબૂબા મુફ્તીએ કહ્યું કે, "દિલ્હીમાં જે બન્યું તેનું દુઃખ અમે તમારા કરતાં વધુ સમજીએ છીએ. કારણ કે અમે આ રક્તપાત ખૂબ નજીકથી જોયો છે. અમે તેને ઘણા વર્ષોથી જોયો છે." તેમના આ નિવેદન દ્વારા તેમણે જમ્મુ અને કાશ્મીરના લોકોએ વર્ષોથી અનુભવેલી આતંકવાદની પીડાને વ્યક્ત કરી હતી. તેમણે કહ્યું કે તેઓ પીડા સમજે છે અને આ ઘટનાની તપાસ ઝડપથી થવી જોઈએ.

સૌથી મહત્ત્વનો મુદ્દો ઉઠાવતા પીડીપી વડાએ દિલ્હી સરકારને માનવીય અપીલ કરી હતી. તેમણે કહ્યું કે, "હું વિનંતી કરું છું કે તેની નિષ્પક્ષ તપાસ થવી જોઈએ." આની સાથે તેમણે ઉમેર્યું કે, "જે પરિવારોના આ આરોપીઓ છે, તેમના માતાપિતા, ભાઈઓ અને બહેનો, તેઓ ગુનેગાર નથી. તેમને ગુનેગાર ન માનો."

મહેબૂબા મુફ્તીએ ટીવી પર જોયેલા એક દ્રશ્યનું ઉદાહરણ આપતા કહ્યું કે, "મેં પોતે ટીવી પર જોયું હતું કે કેવી રીતે એક ડૉક્ટરના પિતાને કાળા કપડાથી મોં ઢાંકીને ખેંચી લેવામાં આવી રહ્યા હતા. આ સારું નથી. આવું ન થવું જોઈએ." તેમણે સરકારને વિનંતી કરી કે સંડોવાયેલા લોકોને કડક સજા થવી જોઈએ, જોકે તેમના સંબંધીઓની શંકાના આધારે ધરપકડ થઈ રહી છે, તેમની સાથે યોગ્ય વર્તન થવું જોઈએ. તેમણે ભારપૂર્વક કહ્યું કે ગુનો હજુ સુધી સાબિત થયો નથી, હજી પણ શંકાના આધારે કાર્યવાહી થઈ રહી છે.




# તંત્રી લેખ......

## પ્રતિષ્ઠિત વ્યવસાયોમાં રહેલા લોકો પણ આતંકવાદી બની રહ્યા છે

રાજધાની દિલ્હીમાં લાલ કિલ્લા પાસે વિસ્ફોટ કરનારી કારનો ડ્રાઈવર ડૉક્ટર હોવાનું બહાર આવ્યું, જેમાં દસથી વધુ લોકો માર્યા ગયા, જે કારમાં દસથી વધુ લોકો માર્યા ગયા, તે ડૉક્ટર હોવાનું બહાર આવ્યું. તેનું નામ ઉમર મોહમ્મદ છે. તેણે કાં તો વિસ્ફોટકો ભરેલી કારથી પોતાને ઉડાવી દીધો હતો અથવા આકસ્મિક રીતે વિસ્ફોટ કર્યો હતો. પુલવામાનો ઉમર ફરીદાબાદમાં આશરે ૩,૦૦૦ કિલો વિસ્ફોટકો અને શસ્ત્રો સાથે મળી આવેલા ત્રણ ડૉક્ટરોનો સહયોગી હોવાનું બહાર આવ્યું છે.

તેમાંથી એક ડૉ. મુઝમ્મિલ અને બીજો ડૉ. આદિલ છે. બંને કાશ્મીરના છે. તેમના ત્રીજા સાથી ડૉ. શાહીન છે, જે લખનૌના છે. તેમના અન્ય સાથીઓની પણ શોધ ચાલી રહી છે. જો તેઓ અન્ય એવા ડૉક્ટરો સાથે સંપર્કમાં હોવાનું જાણવા મળે તો નવાઈ નહીં લાગે જે આતંકવાદી છે. આ ડૉક્ટરો ઉપરાંત, અન્ય એક ડૉક્ટર, ડૉ. મોહિઉદ્દીન, ગુજરાત પોલીસની કસ્ટડીમાં છે. તેમણે ચીનમાં દવાનો અભ્યાસ કર્યો હતો. ગુજરાત પોલીસની આતંકવાદ વિરોધી ટુકડીએ તેમને તેમના બે સાથીઓ સાથે હથિયારો સાથે ધરપકડ કરી હતી. તેઓ એરંડાના બીજમાંથી ઘાતક ઝેર રિસિન બનાવવાની તૈયારી કરી રહ્યા હતા, જે એકસાથે મોટી સંખ્યામાં લોકોને મારી શકે છે.

આતંકવાદી કાવતરા કે ઘટનામાં ડૉક્ટરનું નામ પહેલી વાર સામે આવ્યું નથી. આ પહેલા પણ ઘણા ડૉક્ટરો આતંકવાદનો પીછો કરતા પકડાયા છે. સૌથી ચોંકાવનારું તાજેતરનું નામ પુણેના ડૉ. અદનાન અલી સરકારનું હતું. તેમને ૨૦૨૩ માં દ્વૈછ દ્વારા ધરપકડ કરવામાં આવી હતી. તેઓ શહેરના એક આદરણીય ડૉક્ટર હતા પરંતુ ભયાનક આતંકવાદી જૂથ આઈએસઆઈએસ માટે કામ કરતા હતા. તાજેતરના વર્ષોમાં, ડૉક્ટરો ઉપરાંત, ઘણા આતંકવાદીઓની ધરપકડ કરવામાં આવી છે જે એન્જિનિયર હતા.

તેમાંથી એક બેંગલુરુમાં એક બહુરાષ્ટ્રીય કંપનીમાં કામ કરતો હતો અને શમી વિટનેસ નામથી ઓનલાઈન સક્રિય હતો, મુસ્લિમ યુવાનોને આઈએસઆઈએસમાં જોડાવા માટે ઉશ્કેરતો હતો અને તેમને સીરિયા જવા માટે પણ મદદ કરતો હતો. ડોકટરો અને એન્જિનિયરો ઉપરાંત, ઘણા અન્ય ઉચ્ચ શિક્ષિત મુસ્લિમ યુવાનોને આતંકવાદી તરીકે ધરપકડ કરવામાં આવી છે. કેટલાકને પકડવામાં આવ્યા ન હતા કારણ કે તેઓ પોલીસ તેમને પકડે તે પહેલાં આઈએસઆઈએસ અથવા અલ-કાયદાને ટેકો આપવા માટે સીરિયા અને અફઘાનિસ્તાન પહોંચી ગયા હતા. હવે, શિક્ષિત અને ઉચ્ચ શિક્ષિત યુવાનોની સંખ્યા ગણવી મુશ્કેલ છે જે આતંકવાદી બન્યા છે.

ધાર્મિક કટ્ટરતા અથવા અત્યાચારને કારણે ફક્ત અશિક્ષિત અથવા ગરીબ લોકો જ આતંકવાદી બને છે તે ખ્યાલ સંપૂર્ણપણે ખોટો સાબિત થયો છે. છેલ્લા બે થી ત્રણ દાયકામાં, દેશ અને દુનિયાભરમાં અસંખ્ય ઉચ્ચ શિક્ષિત મુસ્લિમ યુવાનોએ આતંકવાદી બનવાનું પસંદ કર્યું છે.આઈએસઆઈએસએ વિશ્વભરમાંથી આવા સૌથી વધુ યુવાનોને આકર્ષ્યા છે. ભારતમાં, કેરળથી કાશ્મીર સુધી, અસંખ્ય શિક્ષિત મુસ્લિમ યુવાનો આતંકવાદી બન્યા છે. શરૂઆતમાં, અહેવાલો સામે આવ્યા હતા કે તેઓ જેહાદી મૌલવીઓના સંપર્કમાં આવ્યા હતા અને આતંકવાદી બન્યા હતા. પછી, અહેવાલો બહાર આવવા લાગ્યા કે તેઓ ઈન્ટરનેટ પર જેહાદી સામગ્રી જોયા પછી આતંકવાદી બન્યા હતા. કેટલાક ધાર્મિક કટ્ટરતાથી એટલા નશામાં આવી ગયા કે તેમણે ગઝવા-એ-હિંદ અથવા તેના જેવું કંઈક નામના પોતાના આતંકવાદી જૂથો બનાવ્યા. શું એ રહસ્ય છે કે આવા નામો ધાર્મિક માન્યતાઓથી પ્રેરિત છે?

જે લોકોએ મેડિકલ કે એન્જિનિયરિંગનો અભ્યાસ કરતી વખતે આતંકવાદી બનવાનું પસંદ કર્યું હતું, તેમને સતાવણીનો સામનો કરવો પડ્યો હતો અથવા આર્થિક મુશ્કેલીઓનો સામનો કરવો પડ્યો હતો એવું કહી શકાય નહીં. તેઓ સુખી જીવન જીવી શક્યા હોત, પરંતુ તેઓ આતંકવાદી બનવા માટે ગ્રસ્ત હતા. આનું કારણ એ નિવેદનમાં શોધી શકાતું નથી કે આતંકવાદનો કોઈ ધર્મ નથી. આ નિવેદન હંમેશા વિવાદાસ્પદ છે, પરંતુ ધર્મની આડમાં અથવા તેના ટેકાથી આતંકવાદને અનુસરવામાં આવે છે તેમાં કોઈ વિવાદ નથી.

# ડેઈલી માર્કેટ રિપોર્ટઃ સોના-ચાંદીના વાયદામાં ચાલુ રહેલો તેજીનો પવનઃ સોનાનો વાયદો રૂ.૫૫૧ અને ચાંદીનો વાયદો રૂ.૨૩૧૮ વધ્યો

### ક્રૂડ તેલનો વાયદો રૂ.૩૫ ઘટ્યોઃ કોમોડિટી વાયદાઓમાં રૂ.૨૫૭૭૨.૬ કરોડ અને કોમોડિટી ઓપ્શન્સમાં રૂ.૧૨૫૬૬૧.૦૭ કરોડનું ટર્નઓવરઃ સોના-ચાંદીના વાયદાઓમાં રૂ. ૨૧૨૦૪.૩૦ કરોડનાં કામકાજઃ બુલિયન ઈન્ડેક્સ બુલડેક્સ વાયદો ૨૯૫૨૩ પોઈન્ટના સ્તરે

મુંબઈઃ દેશના અગ્રણી કોમોડિટી ડેરિવેટિવ્ઝ એક્સચેન્જ એમસીએક્સ પર વિવિધ કોમોડિટી વાયદા, ઓપ્શન્સ તથા ઈન્ડેક્સ ફ્યુચર્સ અને ઓપ્શન્સમાં રૂ.૧૫૧૪૪૧.૭ કરોડનું ટર્નઓવર નોંધાયું હતું. કોમોડિટી વાયદાઓમાં રૂ.૨૫૭૭૨.૬ કરોડનાં કામકાજ થયાં હતાં. કોમોડિટી વાયદા પરના ઓપ્શન્સમાં રૂ.૧૨૫૬૬૧.૦૭ કરોડનું નોશનલ ટર્નઓવર નોંધાયું હતું. ઈન્ડેક્સ વાયદાઓમાં રૂ.૭.૬૭ કરોડ અને ઈન્ડેક્સ ઓપ્શન્સમાં રૂ..૩૬ કરોડનાં કામકાજ થયાં હતાં. બુલિયન ઈન્ડેક્સ બુલડેક્સ નવેમ્બર વાયદો ૨૯૫૨૩ પોઈન્ટના સ્તરે ટ્રેડ થઈ રહ્યો હતો. કોમોડિટી ઓપ્શન્સમાં કુલ પ્રીમિયમ ટર્નઓવર રૂ.૧૮૦૩.૧૨ કરોડનું થયું હતું. કીમતી ધાતુઓમાં સોના-ચાંદીના વાયદાઓમાં રૂ. ૨૧૨૦૪.૩૦ કરોડનાં કામકાજ થયાં હતાં. એમસીએક્સ સોનું ડિસેમ્બર વાયદો ૧૦ ગ્રામદીઠ રૂ.૧૨૪૩૦૦ના ભાવે ખૂલી, ઉપરમાં રૂ.૧૨૪૬૫૫ અને નીચામાં રૂ.૧૨૩૬૪૮ના સ્તરને સ્પર્શી, રૂ.૧૨૩૯૧૩ના આગલા બંધ સામે રૂ.૫૫૧ વધી રૂ.૧૨૪૪૬૪ થયો હતો. ગોલ્ડ-ગિની નવેમ્બર વાયદો ૮ ગ્રામદીઠ રૂ.૪૦૨ વધી રૂ.૧૦૦૫૧૫ના ભાવે બોલાયો હતો. ગોલ્ડ-પેટલ નવેમ્બર વાયદો ૧ ગ્રામદીઠ રૂ.૪૬ વધી રૂ.૧૨૫૭૪ના ભાવે બોલાયો હતો. સોનું-મિની ડિસેમ્બર વાયદો ૧૦ ગ્રામદીઠ રૂ.૫૨૮ વધી રૂ.૧૨૪૪૨૫ના ભાવે બોલાયો હતો. ગોલ્ડ-ટેન નવેમ્બર વાયદો ૧૦ ગ્રામદીઠ રૂ.૧૨૪૪૮૨ના ભાવે ખૂલી, ઉપરમાં રૂ.૧૨૪૮૧૨ અને નીચામાં રૂ.૧૨૩૮૮૧ના મથાળે અથડાઈ, રૂ.૧૨૪૧૭૬ના આગલા બંધ સામે રૂ.૪૨૧ વધી રૂ.૧૨૪૫૯૭ના ભાવે ટ્રેડ થઈ રહ્યો હતો. ચાંદીના વાયદાઓમાં ચાંદી ડિસેમ્બર વાયદો કિલોદીઠ રૂ.૧૫૫૫૯૮ના ભાવે ખૂલી, ઉપરમાં રૂ.૧૫૭૫૮૫ અને નીચામાં રૂ.૧૫૪૯૨૬ના મથાળે અથડાઈ, રૂ.૧૫૪૬૮૭ના આગલા બંધ સામે રૂ.૨૩૧૮ વધી રૂ.૧૫૭૦૦૫ થયો હતો. કિલોદીઠ ચાંદી-મિની નવેમ્બર વાયદો રૂ.૧૯૮૩ વધી રૂ.૧૫૭૭૨૫ના સ્તરે પહોંચ્યો હતો. ચાંદી-માઈક્રો નવેમ્બર વાયદો રૂ.૨૦૧૭ વધી રૂ.૧૫૭૭૭૨ના ભાવે ટ્રેડ થઈ રહ્યો હતો. બિનલોહ ધાતુઓમાં રૂ. ૧૦૩૭.૨૫ કરોડનાં કામકાજ થયાં હતાં. કિલોદીઠ તાંબું નવેમ્બર વાયદો રૂ.૧.૫૫ વધી રૂ.૧૦૦૯.૮૫ના સ્તરે પહોંચ્યો હતો. જસત નવેમ્બર વાયદો ૫ પૈસા ઘટી રૂ.૩૦૩.૭૫ના ભાવે ટ્રેડ થઈ રહ્યો હતો. એલ્યુમિનિયમ નવેમ્બર વાયદો ૪૦ પૈસા ઘટી રૂ.૨૭૩.૧૫ના સ્તરે પહોંચ્યો હતો. સીસું નવેમ્બર વાયદો ૨૫ પૈસા વધી રૂ.૧૮૪ના ભાવે બોલાયો હતો. એનર્જી સેગમેન્ટમાં રૂ. ૩૪૭૮.૨૪ કરોડનાં કામકાજ થયાં હતાં. એમસીએક્સ ઈલેક્ટ્રિસિટી નવેમ્બર વાયદો એમડબલ્યુએચદીઠ રૂ.૩૧૭૭ના ભાવે ખૂલી, ઉપરમાં રૂ.૩૧૭૭ અને નીચામાં રૂ.૩૦૨૦ના સ્તરને સ્પર્શી, રૂ.૧૦૦ ઘટી રૂ.૩૦૪૨ના સ્તરે પહોંચ્યો હતો. ક્રૂડ તેલ નવેમ્બર વાયદો બેરલદીઠ રૂ.૫૩૯૦ના ભાવે ખૂલી, ઉપરમાં રૂ.૫૪૦૩ અને નીચામાં રૂ.૫૩૫૭ના મથાળે અથડાઈ, રૂ.૫૪૦૩ના આગલા બંધ સામે રૂ.૩૫ ઘટી રૂ.૫૩૬૮ થયો હતો. ક્રૂડ તેલ-મિની નવેમ્બર વાયદો રૂ.૩૬ ઘટી રૂ.૫૩૬૭ થયો હતો. નેચરલ ગેસ નવેમ્બર વાયદો એમએમબીટીયુદીઠ રૂ.૩.૬ વધી રૂ.૪૦૪.૫ થયો હતો. નેચરલ ગેસ-મિની નવેમ્બર વાયદો રૂ.૩.૭ વધી રૂ.૪૦૪.૭ થયો હતો.

કૃષિચીજોના વાયદાઓમાં મેન્થા તેલ નવેમ્બર વાયદો કિલોદીઠ રૂ.૯૧૬.૩ના ભાવે ખૂલી, ૬૦ પૈસા વધી રૂ.૯૧૫.૭ના ભાવે ટ્રેડ થઈ રહ્યો હતો. કોટન નવેમ્બર વાયદો રૂ.૧૬૦ ઘટી રૂ.૨૪૯૪૦ના ભાવે બોલાયો હતો. એલચી નવેમ્બર વાયદો કિલોદીઠ રૂ.૨૪૪૦ના ભાવે ખૂલી, રૂ.૩ ઘટી રૂ.૨૫૧૭ થયો હતો.

કામકાજની દ્દષ્ટિએ એમસીએક્સ પર સોનાના વિવિધ વાયદાઓમાં રૂ. ૧૧૧૩૬.૧૯ કરોડ અને ચાંદીના વિવિધ વાયદાઓમાં રૂ. ૧૦૦૬૮.૧૦ કરોડનાં કામકાજ થયાં હતાં. તાંબાંના વાયદાઓમાં રૂ. ૬૨૫.૧૪ કરોડ, એલ્યુમિનિયમ અને એલ્યુમિનિયમ-મિનીના વાયદાઓમાં રૂ. ૧૬૫.૪૯ કરોડ, સીસું અને સીસું-મિનીના વાયદાઓમાં રૂ. ૩૮.૫૪ કરોડ, જસત અને જસત-મિનીના વાયદાઓમાં રૂ. ૨૦૭.૨૩ કરોડનાં કામકાજ થયાં હતાં.

ઈલેક્ટ્રિસિટીના વાયદામાં રૂ. ૧૫.૪૧ કરોડનાં કામકાજ થયાં હતાં. ક્રૂડ તેલ અને ક્રૂડ તેલ-મિનીના વાયદાઓમાં રૂ. ૪૩૭.૯૩ કરોડનાં કામકાજ થયાં હતાં. નેચરલ ગેસ અને નેચરલ ગેસ-મિનીના વાયદાઓમાં રૂ. ૩૦૨૪.૯૦ કરોડનાં કામ થયાં હતાં. મેન્થા તેલના વાયદામાં રૂ. ૩.૦૫ કરોડનાં કામ થયાં હતાં. કોટન-ખાંડીના વાયદામાં રૂ. ૦.૧૨ કરોડનાં કામ થયાં હતાં. એલચીના વાયદામાં રૂ. ૦.૮૦ કરોડનાં કામ થયાં હતાં.

ઓપન ઈન્ટરેસ્ટ સોનાના વાયદાઓમાં ૧૭૨૮૪ લોટ, સોનું-મિનીના વાયદાઓમાં ૬૦૦૫૩ લોટ, ગોલ્ડ-ગિનીના વાયદાઓમાં ૨૧૪૮૫ લોટ, ગોલ્ડ-પેટલના વાયદાઓમાં ૩૧૦૪૯૮ લોટ અને ગોલ્ડ-ટેનના વાયદાઓમાં ૨૮૯૨૬ લોટના સ્તરે હતો. ચાંદીના વાયદાઓમાં ૨૪૩૬૬ લોટ, ચાંદી-મિનીના વાયદાઓમાં ૪૮૨૨૪ લોટ અને ચાંદી-માઈક્રો વાયદાઓમાં ૧૩૬૫૩૦ લોટના સ્તરે રહ્યો હતો. ઈલેક્ટ્રિસિટીના વાયદાઓમાં ૯૮૨ લોટ, ક્રૂડ તેલના વાયદાઓમાં ૧૬૭૨૭ લોટ, નેચરલ ગેસના વાયદાઓમાં ૩૫૧૪૭ લોટના સ્તરે રહ્યો હતો. ઈન્ડેક્સ ફ્યુચર્સની વાત કરીએ તો, બુલડેક્સ નવેમ્બર વાયદો ૨૯૩૩૦ પોઈન્ટના સ્તરે ખૂલી, ઉપરમાં ૨૯૫૨૩ પોઈન્ટના સ્તર અને નીચામાં ૨૯૩૧૦ પોઈન્ટના સ્તરને સ્પર્શી, ૮૩ પોઈન્ટ વધી ૨૯૫૨૩ પોઈન્ટના સ્તરે ટ્રેડ થઈ રહ્યો હતો. કોમોડિટી વાયદા પરના ઓપ્શન્સમાં કોલ ઓપ્શન્સની વાત કરીએ તો, ક્રૂડ તેલ નવેમ્બર રૂ.૫૪૦૦ની સ્ટ્રાઈક પ્રાઈસવાળો કોલ ઓપ્શન બેરલદીઠ રૂ.૨૧.૫ ઘટી રૂ.૬૫.૮ થયો હતો. જ્યારે નેચરલ ગેસ નવેમ્બર રૂ.૪૦૦ની સ્ટ્રાઈક પ્રાઈસવાળો કોલ ઓપ્શન એમએમબીટીયૂદીઠ રૂ.૨.૩ વધી રૂ.૨૦ના ભાવે બોલાયો હતો.

સોનું નવેમ્બર રૂ.૧૨૫૦૦૦ની સ્ટ્રાઈક પ્રાઈસવાળો કોલ ઓપ્શન ૧૦ ગ્રામદીઠ રૂ.૨૩૦ વધી રૂ.૧૯૪૭ થયો હતો. આ સામે ચાંદી નવેમ્બર રૂ.૧૬૦૦૦૦ની સ્ટ્રાઈક પ્રાઈસવાળો કોલ ઓપ્શન કિલોદીઠ રૂ.૮૪૭ વધી રૂ.૩૦૯૪.૫ થયો હતો. તાંબું નવેમ્બર રૂ.૧૦૧૦ની સ્ટ્રાઈક પ્રાઈસવાળો કોલ ઓપ્શન કિલોદીઠ ૨૧ પૈસા ઘટી રૂ.૧૦.૮૩ના ભાવે બોલાયો હતો. જસત નવેમ્બર રૂ.૩૦૦ની સ્ટ્રાઈક પ્રાઈસવાળો કોલ ઓપ્શન કિલોદીઠ ૭૯ પૈસા ઘટી રૂ.૫.૫૧ના ભાવે બોલાયો હતો. પુટ ઓપ્શન્સની વાત કરીએ તો, ક્રૂડ તેલ નવેમ્બર રૂ.૫૪૦૦ની સ્ટ્રાઈક પ્રાઈસવાળો પુટ ઓપ્શન બેરલદીઠ રૂ.૧૫ વધી રૂ.૧૦૧.૯ના ભાવે બોલાયો હતો. જ્યારે નેચરલ ગેસ નવેમ્બર રૂ.૪૦૦ની સ્ટ્રાઈક પ્રાઈસવાળો પુટ ઓપ્શન એમએમબીટીયૂદીઠ ૭૦ પૈસા ઘટી રૂ.૧૬.૧ થયો હતો. સોનું નવેમ્બર રૂ.૧૧૯૦૦૦ની સ્ટ્રાઈક પ્રાઈસવાળો પુટ ઓપ્શન ૧૦ ગ્રામદીઠ રૂ.૭૨ ઘટી રૂ.૪૩૪ થયો હતો. આ સામે ચાંદી નવેમ્બર રૂ.૧૫૫૦૦૦ની સ્ટ્રાઈક પ્રાઈસવાળો પુટ ઓપ્શન કિલોદીઠ રૂ.૧૧૨૭.૫ ઘટી રૂ.૩૨૧૦ના ભાવે બોલાયો હતો. તાંબું નવેમ્બર રૂ.૧૦૦૦ની સ્ટ્રાઈક પ્રાઈસવાળો પુટ ઓપ્શન કિલોદીઠ ૫૨ પૈસા ઘટી રૂ.૭.૦૭ના ભાવે બોલાયો હતો. જસત નવેમ્બર રૂ.૩૦૫ની સ્ટ્રાઈક પ્રાઈસવાળો પુટ ઓપ્શન કિલોદીઠ ૮૫ પૈસા ઘટી રૂ.૪.૩ થયો હતો.

### આ ડેટાએ NDA-MGB નેતાઓનું ટેન્શન વધાર્યું!

# મોટાભાગના એક્ઝિટ પોલ NDA ની સરકાર બનવાનો સંકેત

### આર્ટિફિશિયલ ઈન્ટેલિજન્સ ડેટા મુજબ NDA અને મહાગઠબંધન વચ્ચે કાંટાની ટક્કરઃ બંને ૧૨૨ બેઠકોની નજીક

(સંપૂર્ણ સમાચાર સેવા)પટણા

બિહાર વિધાનસભા ચૂંટણી (૨૦૨૫) માટે બે તબક્કામાં રેકોર્ડબ્રેક મતદાન પૂર્ણ થયા બાદ મોટાભાગના એક્ઝિટ પોલ NDA ની સરકાર બનવાનો સંકેત આપે છે, ત્યારે AI પોલિટિક્સ નામની એજન્સીએ એક એવો ડેટા જાહેર કર્યો છે, જેણે NDA અને મહાગઠબંધન (MGB) બંને નેતાઓનું ટેન્શન વધારી દીધું છે.

AI ડેટા મુજબ, NDA ને 121 (+/- 6) બેઠકો અને મહાગઠબંધનને ૧૧૯ (+/- ૬) બેઠકો મળવાની સંભાવના છે. સરકાર બનાવવા માટે જરૂરી ૧૨૨ બેઠકોની સંખ્યાથી બંને ગઠબંધન અત્યંત નજીક છે. આ ડેટામાં ખાસ કરીને નીતિશ કુમારની ત્નઢું ને માત્ર ૨૫ થી ૩૧ બેઠકો મળવાનો અંદાજ છે, જ્યારે RJD ૮૯ થી ૯૭ બેઠકો સાથે સૌથી મોટો પક્ષ બની શકે છે.

બિહાર વિધાનસભા ચૂંટણીનું પરિણામ November ૧૪ ના રોજ જાહેર થશે. વિવિધ સર્વે એજન્સીઓ NDA ની તરફેણમાં વલણ દર્શાવી રહી છે, ત્યારે AI પોલિટિક્સ દ્વારા જાહેર કરાયેલા આંકડાઓ સૌથી વધુ ચોંકાવનારા અને અનિશ્ચિતતા વધારનારા છે. AI ડેટા સ્પષ્ટપણે દર્શાવે છે કે NDA અને મહાગઠબંધન વચ્ચે આ વખતે ખૂબ જ કઠિન સ્પર્ધા છે.

AI પોલિટિક્સના અંદાજ મુજબ, NDA ને ૧૨૧ બેઠકો (+/- ૬ બેઠકો) અને મહાગઠબંધનને ૧૧૯ બેઠકો (+/- ૬ બેઠકો) મળી શકે છે. બિહારમાં સરકાર બનાવવા માટે જરૂરી ૧૨૨ બેઠકોના જાદુઈ આંકડાથી બંને ગઠબંધન ખૂબ જ નજીક છે. આ સ્થિતિ સૂચવે છે કે અન્ય પક્ષો (૩-૫ બેઠકો) અહીં કિંગમેકરની ભૂમિકા ભજવી શકે છે.

બેઠકોની ગણતરીની સાથે, વોટ ટકાવારીનો ડેટા પણ આશ્ચર્યજનક છે. AI ડેટા મુજબ, મહાગઠબંધનને ૩૯.૨% મત હિસ્સો, જ્યારે NDA ને ૩૮.૪% મત હિસ્સો મળવાનો અંદાજ છે, જે મહાગઠબંધનને થોડી સરસાઈ આપે છે.આ સર્વેમાં નીતિશ કુમારની JDU ને મોટો ફટકો પડતો જોવા મળી રહ્યો છે. દ્ભઢછ માં બેઠકોનું વિભાજન નીચે મુજબ રહેવાનો અંદાજ છેઃ

ભાજપઃ ૮૫ થી ૯૩ બેઠકો (સૌથી મોટો પક્ષ)

JDU (નીતિશ કુમાર): ૨૫ થી ૩૧ બેઠકો (મોટો ઘટાડો)

LJP(R): ૨ થી ૪ બેઠકો

HAM: ૦ થી ૧ બેઠક

આ આંકડાઓ દર્શાવે છે કે NDA માં ભાજપનું વર્ચસ્વ સ્પષ્ટપણે વધી રહ્યું છે, જ્યારે JDU ને ૨૦૨૦ની સરખામણીએ વધુ નુકસાન થઈ રહ્યું છે.

મહાગઠબંધનની વાત કરીએ તો, RJD સૌથી મોટો પક્ષ બનીને ઊભરી શકે છે, જેની બેઠકોનું અનુમાન નીચે મુજબ છેઃ

RJD: ૮૯ થી ૯૭ બેઠકો

કોંગ્રેસઃ ૧૪ થી ૨૧ બેઠકો

ડાબેરી પક્ષો (CPI, CPIML, CPM): સંયુક્ત રીતે ૪ થી ૧૨ બેઠકો

VIP: ૨ થી ૩ બેઠકો

આ ડેટા RJD ને સ્પષ્ટપણે બિહારમાં સૌથી મોટા પક્ષ તરીકે દર્શાવે છે, જે મહાગઠબંધનને સરકાર બનાવવાની નજીક લાવી શકે છે.

AI પોલિટિક્સના ડેટામાં જન સૂરજ પાર્ટી ને પણ ૧૨.૭% નો મોટો મત હિસ્સો મળવાનો અંદાજ છે. જોકે, આ પક્ષને બેઠકો માત્ર ૩ થી ૫ (+/- ૨ બેઠકો) જ મળવાની સંભાવના છે. આ સૂચવે છે કે જન સૂરજે મુખ્યત્વે NDA ના પરંપરાગત મતોમાં મોટો કાપ મૂક્યો છે, જેના કારણે બંને ગઠબંધન માટે સરકાર બનાવવાની ગણતરીઓ ગૂંચવાઈ ગઈ છે. અંતિમ પરિણામો નવેમ્બર 14 ના રોજ જાહેર થશે, અને ત્યારે જ આ આંકડાઓનું સાચું સત્ય બહાર આવશે.

## અંગત અદાવતમાં જીવલેણ હુમલો, કુહાડી વડે વૃદ્ધના બંને પગ અલગ કર્યા

(સંપૂર્ણ સમાચાર સેવા)અમરેલી

અમરેલી જિલ્લામાં આવેલ વડીયા તાલુકાના અરજણસુખ ગામમા મોડી રાતે જીવલેણ હુમલો કરી કુહાડીથી પગ કાપી નાખવાની ઘટનાએ ચકચાર મચાવી છે. અહી અરજણસુખ ગામમા સગાને ત્યાં ગોંડલના ૬૦ વર્ષીય દિશેનભાઈ સોલંકી આવ્યા હતા. જ્યાં તેમના ૫ જેટલા સાળા સહિત કેટલાક અજાણીયા લોકોએ અંગત અદાવતમાં જીવલેણ હુમલો કરી કુહાડીથી પગ કાપી નાખતા દિનેશભાઈને સારવાર અર્થે અમરેલી બાદ રાજકોટ ખસેડવામાં આવ્યા હતા. જ્યાં સારવાર દરમિયાન દિનેશભાઈનું મોત થતા મામલો હત્યામાં પલટાયો નાનકડા અરજણસુખ ગામમાં ચકચાર મચી ગઈ હતી. વડીયા પોલીસ સ્ટેશનમાં હત્યાનો ગુન્હો નોંધ્યો જેમાં તેમના સાળા સહિત અજાણીયા ઈસમો સામે હત્યાનો ગુન્હો નોંધી તપાસનો ધમધમાટ શરૂ કર્યો છે મૃતક દિનેશભાઈને પત્ની સાથે ઝઘડો થયા બાદ ઘર છોડી અરજણસુખ આવ્યા હતા જ્યાં તેમના સાળા સહિત લોકો એકત્ર થયા હતા. સમાધાન બાબતે ત્યારબાદ બોલાચાલી થયા બાદ દિનેશભાઈ ઉપર જીવલેણ હુમલો થયો હતો જેમાં મૃતકના જ ૫ સાળા અને અજાણીયા ઈસમો સામે ફરીયાદ નોંધાય છે જેમા સાળાના હાથે બનેવીની હત્યા થતા ચકચાર મચી ગઈ છે.

નવસર્જન સંસ્કૃતિમાં આપના વિસ્તારની સમસ્યા, સંસ્થાના વિકાસલક્ષી સમાચાર, બાળકોના જન્મદિવસની શુભેચ્છા, સગા-સંબંધીઓનું બેસણું/શ્રદ્ધાંજલિ, વેપાર-ધંધાની જાહેર ખબર તેમજ ન્યૂઝપેપર માટે સંપર્ક કરો.

ગાંધીનગર - સાબરકાંઠા - અરવલ્લી જીલ્લો

બ્યુરોચીફ : યુનુસ મેમણ
(મો.૭૯૮૪૮૩૬૩૭૧)
પોલોગ્રાઉન્ડ, અલકાપુરી ચાર રસ્તા પાસે, હિંમતનગર.
Email : yunushmemon@gmail.com

### ભગવાન બિરસા મુંડાના ૧૫૦માં જન્મ જયંતી વર્ષ નિમિત્તે રાજ્યમાં તા. ૧ થી ૧૫ નવેમ્બર, ૨૦૨૫ દરમિયાન વિવિધ કાર્યક્રમોનું આયોજન થયું

# વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીની અધ્યક્ષતામાં ભગવાન બિરસા મુંડાની ૧૫૦મી જન્મજયંતિની રાષ્ટ્રીય કક્ષાની ભવ્ય ઉજવણી નર્મદાના ડેડિયાપાડા ખાતે થશે

### મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્ર પટેલ તેમજ નાયબ મુખ્યમંત્રી શ્રી હર્ષ સંઘવીએ રાજ્ય મંત્રી મંડળની બેઠકમાં સમગ્ર તૈયારીઓની સર્વગ્રાહી સમીક્ષા કરીઃ પ્રવક્તા મંત્રી શ્રી જીતુભાઈ વાઘાણી

ભગવાન બિરસા મુંડાની ૧૫૦મી જન્મજયંતિની રાષ્ટ્રીય કક્ષાની ઉજવણી વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીની અધ્યક્ષતા હેઠળ નર્મદા જિલ્લાના ડેડિયાપાડા ખાતે આગામી તા. ૧૫ નવેમ્બર, ૨૦૨૫ના રોજ થશે. આ ઉજવણી દરમિયાન વડાપ્રધાનશ્રી રૂ. ૮,૪૦૦ કરોડથી વધુના કામોના લોકાર્પણ-ખાતમુહૂર્ત કરીને ગુજરાતને વિવિધ વિકાસ પ્રકલ્પોની ભેટ આપશે. આ ઉપરાંત વડાપ્રધાનશ્રી આદિવાસીઓના આસ્થાના કેન્દ્ર સમાન દેવમોગરા માતાજીના દર્શનાર્થે પણ જશે. મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્ર પટેલ તેમજ નાયબ મુખ્યમંત્રી શ્રી હર્ષ સંઘવીએ આજે મળેલી રાજ્ય મંત્રી મંડળની બેઠકમાં વડાપ્રધાનશ્રીના કાર્યક્રમની સંપૂર્ણ તૈયારીઓની સર્વગ્રાહી સમીક્ષા કરી હતી, તેમ પ્રવક્તા મંત્રી શ્રી જીતુભાઈ વાઘાણીએ જણાવ્યું હતું.

તેમણે વધુમાં જણાવ્યું હતું કે, ભગવાન બિરસા મુંડાની ૧૫૦મી જન્મજયંતિની રાષ્ટ્રીય કક્ષાની ઉજવણી ઉપરાંત રાજ્યના વિવિધ સ્થળો ખાતે પણ રાજ્ય મંત્રી મંડળના સભ્યશ્રીઓ, સાંસદશ્રીઓ, ધારાસભ્યશ્રીઓ તેમંજ વિવિધ પદાધિકારીઓ અને ઉચ્ચ અધિકારીઓની ઉપસ્થિતિમાં ઉજવણી કાર્યક્રમો યોજાશે.

પ્રવક્તા મંત્રી શ્રી વાઘાણીએ આ અંગે મીડિયાને વિગતો આપતા જણાવ્યું હતું કે, વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીના માર્ગદર્શન હેઠળ આ વર્ષે સમગ્ર દેશમાં રાષ્ટ્રભાવના ઉજાગર કરતી અનેક ઐતિહાસિક ઉજવણીઓ કરવામાં આવી રહી છે. જેમાં સરદાર વલ્લભભાઈ પટેલની ૧૫૦મી જન્મજયંતિ, બંધારણ અંગીકરણના ૭૫ વર્ષ, પૂર્વ વડાપ્રધાન શ્રી અટલ બિહારી વાજપેયીજીની જન્મ શતાબ્દી તેમજ ભગવાન બિરસા મુંડાની ૧૫૦મી જન્મજયંતિની હર્ષોલ્લાસ સાથે ઉજવણી કરવામાં આવી રહી છે.

વડાપ્રધાનશ્રીએ સમાજના છેવાડાના, વંચિત અને આદિજાતિઓને મુખ્ય પ્રવાહમાં લાવવા માટે હરહંમેશ પ્રયાસો કર્યા છે. એટલું જ નહિ, તેમણે આદિજાતિએ આઝાદી સંગ્રામમાં આપેલા યોગદાનને બિરદાવીને "વિરાસત ભી વિકાસ ભી"ના મૂળ મંત્રને સાર્થક કર્યો છે. આઝાદીના દશકો સુધી આદિજાતિઓની ઉપેક્ષા થતી રહી હતી, ત્યારે વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીએ આદિજાતિ સમાજના વિકાસ તથા તેમનું ગૌરવ વધારવા માટે અનેક મહત્વના પગલાં લીધા છે. જે અંતર્ગત વર્ષ ૨૦૨૧થી તા. ૧૫, નવેમ્બરના રોજ ભગવાન બિરસા મુંડાના જન્મદિવસને સમગ્ર દેશમાં 'જનજાતિય ગૌરવ દિવસ' તરીકે ઉજવવામાં આવે છે.

પ્રવક્તા મંત્રીશ્રીએ કહ્યું હતું કે, ભગવાન બિરસ મુંડાની ૧૫૦ વર્ષની ઉજવણી અંતર્ગત મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્ર પટેલના માર્ગદર્શનમાં રાજ્યમાં તા. ૧ થી ૧૫ નવેમ્બર, ૨૦૨૫ દરમિયાન વિવિધ રાજ્યવ્યાપી કાર્યક્રમોનું આયોજન કરવામાં આવ્યું છે. જેમાં તા. ૭ થી ૧૩ નવેમ્બર સુધી રાજ્યના ૧૪ આદિજાતિ વિસ્તારોમાં બે રૂટમાં જનજાતિય ગૌરવ યાત્રાનું આયોજન કરાયું છે. એક યાત્રાનો પ્રારંભ અંબાજીથી તથા બીજી યાત્રાનો પ્રારંભ ઉમરગામથી કરવામાં આવ્યો છે.

આ બંને રૂટની યાત્રાઓને રાજ્યના નાગરિકો દ્વારા ઉત્સાહપૂર્વક પ્રતિસાદ મળી રહ્યો છે. આ યાત્રા દરમિયાન અંદાજે ૫.૯૫ લાખથી વધુ લોકોએ ભાગ લીધો છે. આ યાત્રા અંતર્ગત ૮૨ આરોગ્ય શિબિર, ૫૧ સેવા સેતુ અને ૨,૫૨૨ સ્થળોએ સફાઈ-સ્વચ્છતા અભિયાનમાં પણ લાખો નાગરિકો ઉત્સાહભેર જોડાઈ રહ્યા છે. આ યાત્રાઓનું સમાપન આવતી કાલ તા. ૧૩ નવેમ્બર, ૨૦૨૫ના રોજ એકતાનગર ખાતે થશે, તેમ તેમણે ઉમેર્યું હતું.

આ ઉજવણી નિમિત્તે ૨૦ બિનઆદિજાતિ જિલ્લાઓમાં પણ તા. ૧૩ થી ૧૫ નવેમ્બર સુધી સેવાસેતુ, આરોગ્ય શિબિર, સ્વચ્છતા અભિયાન અને બિરસા મુંડાના જીવન પર આધારિત નાટકનું આયોજન કરવામાં આવ્યું છે. વધુમાં, દેવમોગરા માતાજીના સાંનિધ્યમાં ડેડિયાપાડા ખાતે આ રાષ્ટ્રીય કક્ષાની ભવ્ય ઉજવણીમાં તા. ૧૫ નવેમ્બરે એકતાનગર ખાતે ભગવાન બિરસા મુંડાના જીવન પર આધારિત વિશેષ નાટ્ય પ્રસ્તુતિ પણ રજૂ કરવામાં આવશે, તેમ મંત્રીશ્રીએ ઉમેર્યું હતું.

- જીગર બારોટ

નવસર્જન સંસ્કૃતિ



નવસર્જન સંસ્કૃતિ

એક શુભેચ્છક

RNI No. GUJGUJ/2016/70752 Printed, Published & Owned by RAGINI JIGNESHKUMAR VAGHELA and Printed By (1) JIGNESH RASHIKBHAI GAJJAR at Vansh Corporation, A/8, Shayona Golden Estate, Shahibag, Ahmedabad - 380 004
(2) DESAI RAHUL MAHESHBHAI at Bhavani Offset, "Bhatiya Ni Wadi, Opp Kalupur Railway Station, Kalupur, Ahmedabad-380 002. (3) HADIK MAHESHBHAI DESAI at Bhoomi Offset, "Bhatiya Ni Wadi, Opp Kalupur Railway Station, Kalupur, Ahmedabad-380 002
and Published from B/13, Sneh Plaza Shopping Center, I.O.C. Road, Chandkheda, Ahmedabad - 382 424. Editor : RAGINI JIGNESHKUMAR VAGHELA

ગુજરાત નેશનલ લો યુનિવર્સિટી ખાતે યોજાયેલા કાર્યક્રમમાં નાયબ મુખ્યમંત્રીશ્રી હર્ષ સંઘવી અને કાયદા રાજ્ય મંત્રીશ્રી કૌશિક વેકરિયા સહભાગી થયા

# મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્ર પટેલે રાજ્યમાં નોટરી તરીકે પસંદ થયેલા ૧૫૦૦થી વધુ એડવોકેટશ્રીઓને પ્રમાણપત્ર એનાયત કર્યાઃ નોટરી પોર્ટલનું લોન્ચિંગ કરાયું

## કાયદાકીય પ્રક્રિયામાં કોન્ફિડન્સ, સિક્યુરિટી અને ઓનેસ્ટી સ્થાપિત કરીને વિકાસને ગતિ આપવામાં નોટરીની ભૂમિકા ખૂબ મહત્વની છે:મુખ્યમંત્રીશ્રી ભૂપેન્દ્ર પટેલ









મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્ર પટેલે રાજ્ય સરકારના કાયદા વિભાગ અને ગુજરાત બાર કાઉન્સિલના સંયુક્ત ઉપક્રમે નોટરી તરીકે પસંદગી પામેલા ૧૫૦૦થી વધુ એડવોકેટશ્રીઓને ગાંધીનગરમાં યોજાયેલા કાર્યક્રમમાં પ્રમાણપત્રો એનાયત કર્યા હતા.

તેમણે રાજ્યમાં ઈ-નોટરી સિસ્ટમ વિકસાવવા માટે નોટરી પોર્ટલને લોન્ચ કરી, મુખ્યમંત્રીશ્રીએ કહ્યું હતું કે, પ્રધાનમંત્રી શ્રી નરેન્દ્રભાઈ મોદીએ સામાન્ય માનવીના હિતને, તેની સરળતાને ઈઝ ઓફ લિવિંગના કેન્દ્રસ્થાને રાખી છે. તેમણે દરેક ભરતી પ્રક્રિયા કે યોજનાઓના લાભ વિતરણમાં પારદર્શિતા સાથે મેક્સિમમ ગવર્નન્સ મિનીમમ ગવર્નમેન્ટનો શાસન મંત્ર અપનાવ્યો છે. ગુજરાતના કાયદા જગતમાં આજે એ જ મંત્રને સાકાર કરતો અવસર છે.

તેમણે કહ્યું હતું કે, કોઈપણ રાષ્ટ્ર કે રાજ્યના સસ્ટેનેબલ ડેવલપમેન્ટ માટે કાયદાનું શાસન મહત્ત્વનો પાયો છે. પ્રધાનમંત્રી શ્રી નરેન્દ્રભાઈ મોદીએ કાયદાના શાસન માટે સમય અનુરૂપ કાયદાઓ પ્રસ્તુત કરવાનું ભગીરથ કાર્ય કર્યું છે. તેમણે અંગ્રેજોના સમયના બિનજરૂરી કાયદાઓ રદ કરી કાનૂની પ્રક્રિયા સરળ બનાવી છે.

મુખ્યમંત્રીશ્રીએ જણાવ્યુ કે, વડાપ્રધાનશ્રીના નેતૃત્વમાં "જસ્ટિસ ટુ ઓલ, અપીઝમેન્ટ ટુ નન" મંત્ર સાકાર થઈ રહ્યો છે. ત્રિપલ તલાક, કલમ ૩૭૦ની નાબૂદી અને ભારતીય ન્યાય સંહિતાનો સુચારું અમલ તેમના માર્ગદર્શનમાં પાર પડ્યો છે. કાયદાકીય પ્રક્રિયામાં વિશ્વાસ, સુરક્ષા અને પ્રામાણિકતા સ્થાપિત કરીને વિકાસને ગતિ આપવા માટે નોટરી તરીકેની ભૂમિકા ખૂબ મહત્ત્વની છે.

કાયદાકીય પ્રણાલી અને અર્થતંત્રમાં વિશ્વાસનું નિર્માણ કરવા માટે દસ્તાવેજોની ઓથેન્ટીસિટીનું દાયિત્વ નોટરીના શિરે છે. નોટરી દ્વારા નોટરાઈઝ કરેલા દસ્તાવેજોને કાયદાકીય માન્યતા મળે છે તેમજ કોર્ટ અને અન્ય જગ્યાઓ પર આ દસ્તાવેજની સ્વીકૃતિ સરળ બનાવવાથી લોકોનું ઈઝ ઓફ ડુઈંગ પણ વધે છે. તેમ તેમણે ઉમેર્યુ હતું.

વડાપ્રધાનશ્રી નરેન્દ્રભાઈ મોદીએ દેશમાં સામાન્ય માનવીને મળતી સેવા સુવિધાઓમાં ડિજિટલ ટ્રાન્સફોર્મેશનનો નવો યુગ શરૂ કરાવ્યો છે. સરકારી સેવાઓ છેવાડાના નાગરિક સુધી મોબાઈલની એક ક્લિકથી લોકો સુધી પહોંચે તેવું લક્ષ્ય તેમણે રાખ્યું છે. ડિજિટલ ભારત અંતર્ગત ડિજિટલ માધ્યમોથી સરકારી સેવાઓની પારદર્શક પહોંચને સુનિશ્ચિત કરી છે. તેમના દિશાદર્શનમાં કાનૂની વ્યવસ્થાઓને આધુનિક બનાવવા માટે ડિજિટલાઈઝેશન પર ભાર મૂકવામાં આવ્યો છે. તેમ પણ મુખ્યમંત્રીશ્રીએ જણાવ્યું હતું. આજે ગુજરાતમાં શરૂ થયેલું નોટરી પોર્ટલ વડપ્રધાનશ્રીના ડિજિટલ ભારતના સ્વપ્નને સાકાર કરતું વધુ એક કદમ છે. નવા પોર્ટલના પરિણામે નોટરીની નિમણૂક અને અરજી પ્રક્રિયા સંપૂર્ણપણે ડિજિટલ થઈ જશે. સર્વને સમાન અને ન્યાયી તક પણ મળશે. દસ્તાવેજો અપલોડ કરવાની અને અરજીના સ્ટેટસ જાણવાની સમગ્ર પ્રક્રિયા હવે ઓનલાઈન થઈ જશે. જેથી નોટરીની સેવા લેવા માટેના સમય અને શક્તિની બચતથી કાર્યક્ષમતા વધશે. તેમ મુખ્યમંત્રીશ્રીએ નોટરી પોર્ટલ લોંચ કરતા જણાવ્યું હતું.

નવા પોર્ટલથી દરેક લીગલ ડોક્યુમેન્ટ ભવિષ્યમાં સુરક્ષિત અને પ્રમાણિત કરવાની સાથે વર્ષો સુધી તેનો સેન્ટ્રલ રેકોર્ડ જાળવવામાં પણ મદદ મળશે. નોટરીની તમામ કાર્યવાહીનું તબક્કાવાર ડિજિટલાઈઝેશન થતા કાગળોનો વપરાશ ઘટશે અને પર્યાવરણનું રક્ષણ થશે. જેનાથી પેપરલેસ ગવર્નન્સના કોન્સેપ્ટને વેગ મળશે. તેનો વિશેષ ઉલ્લેખ તેમણે કર્યો હતો.

નાયબ મુખ્યમંત્રી શ્રી હર્ષ સંઘવીએ નવનિયુક્ત નોટરી તરીકે પસંદગી થયેલા એડવોકેટને અભિનંદન પાઠવતા જણાવ્યું હતું કે, ગુજરાતના ઈતિહાસમાં પહેલીવાર આટલી મોટી સંખ્યામાં ૧,૫૦૦થી વધારે વકીલોને નોટરી બનાવવાનું ભગીરથ કાર્ય મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્ર પટેલના માર્ગદર્શનમાં રાજ્ય સરકાર દ્વારા કરવામાં આવ્યું છે.

વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદી અને કેન્દ્રીય ગૃહ મંત્રી શ્રી અમિતભાઈ શાહનો આભાર વ્યક્ત કરતા નાયબ મુખ્યમંત્રીશ્રીએ જણાવ્યું હતું કે, ગુજરાતમાં ૨,૯૦૦ નોટરીની જગ્યાઓ સામે આ જગ્યાઓમાં બમણાથી વધુનો વધારો કરીને આજે ૬,૦૦૦ કરવામાં આવી છે, જેનાથી ભવિષ્યમાં મોટી સંખ્યામાં વકીલોને તેનો લાભ મળશે. આજે નોટરી માટેનું ઈ-પોર્ટલ રાજ્ય સરકાર દ્વારા શરૂ કરવામાં આવ્યું છે. આ ઈ-પોર્ટલના માધ્યમથી સામાન્ય નાગરિકોના સમયની બચત થશે. અસીલના હિત સાથે સમાજના હિતનું પણ ધ્યાન રાખી, ઝડપી ન્યાય માટે સહકાર આપવા નાયબ મુખ્યમંત્રીશ્રીએ વકીલોને અપીલ કરી હતી.

વધુમાં નાયબ મુખ્યમંત્રી શ્રી સંઘવીએ કહ્યું કે, શ્રી નરેન્દ્રભાઈ મોદી જ્યારે ગુજરાતના મુખ્યમંત્રી હતા ત્યારે એમને ગૌ હત્યા અટકાવવા તેમજ ગૌ માતાના રક્ષણ માટે જે કાયદો લાવ્યા તે એક ઐતિહાસિક નિર્ણય હતો. આ કાયદાના અમલથી ગઈ કાલે એક ઐતિહાસિક ચુકાદો આવ્યો. અમરેલીમાં ગૌહત્યા કરનારને આ કાયદા હેઠળ આજીવન કેદની સજા થઈ છે. જે નરેન્દ્રભાઈ મોદીએ મુખ્યમંત્રી તરીકે લાવેલા કડક કાયદાનું પરિણામ છે. ગુજરાતમાં પોક્સો કેસોમાં ૨૪ કલાકમાં ચાર્જશીટ ફાઈલ કરવાની સફળતા મળી છે. એક મહિનામાં ૧૫થી વધુ કેસોમાં ચાર્જશીટ થઈ, જેમાં ઘણાને ફાંસી તથા આજીવન કેદની સજા થઈ છે. કાયદા વિભાગના રાજ્યમંત્રી શ્રી કૌશિક વેકરિયાએ જણાવ્યું હતું કે, નોટરી એ દેશના વિકાસમાં મહત્ત્વપૂર્ણ ભૂમિકા ભજવે છે. તેઓ કાયદાકીય પ્રક્રિયામાં વિશ્વાસ સ્થાપિત કરનાર છે. નોટરીની કામગીરીથી છેતરપિંડી થવાની શક્યતાઓમાં ઘટાડો થાય છે. નોટરી દ્વારા પ્રમાણિત દસ્તાવેજોને કાયદાકીય રીતે માન્યતા મળે છે. યોગ્ય રીતે અને યોગ્ય પક્ષકાર દ્વારા જ્યારે દસ્તાવેજો બનાવવામાં આવે છે ત્યારે નોટરીની મહત્ત્વપૂર્ણ ભૂમિકા રહેતી હોય છે. ખાસ કરીને મિલકતના દસ્તાવેજો, વેચાણખત વગેરે દસ્તાવેજોમાં નોટરીના સહી સિક્કાથી કાયદાકીય પ્રક્રિયા સરળ બને છે. આજે ૧૫૦૦ જેટલા નોટરીને એક સાથે નિમણૂક મળી છે, ત્યારે લોકોની સુવિધામાં વધારો થશે. નોટરી દ્વારા પારદર્શક રીતે ઓનલાઈન પ્રોસેસ દ્વારા પણ લોકોને કાયદાકીય સુવિધાઓ મેળવવામાં સરળતા રહેશે. આ સાથે મંત્રીશ્રીએ લોકોના નોટરી પર રહેલા વિશ્વાસની જાળવણી કરવા નવનિયુક્ત નોટરીને અપીલ કરી હતી.

કાર્યક્રમમાં સ્વાગત ઉદબોધન પ્રસંગે બાર કાઉન્સિલના ચેરમેન શ્રી જે. જે. પટેલે કહ્યું હતું કે, દેશમાં બાર કાઉન્સિલને સહાય કરવાનો પ્રારંભ ગુજરાતમાં ૨૦૧૦માં પ્રધાનમંત્રીશ્રી મોદીએ રૂ.૨ કરોડ ૨૩ લાખની ગ્રાન્ટ આપીને, ઈ-લાઈબ્રેરીની સુવિધા થકી કર્યો હતો. જેમાં આગળ વધી હાલ સુધીમાં ગુજરાત સરકારે બાર કાઉન્સિલને વિવિધ કામગીરી માટે ૨૮ કરોડ જેટલી માતબર રકમની સહાય આપી છે. વળી, હાલમાં જ કેન્દ્ર સરકારે ૮,૦૮૬ વકીલોને નોટરીની ઉપાધિથી નવાજ્યા હતા , જ્યારે આજે રાજ્ય સરકાર દ્વારા વધુ ૧૫૦૦ વકીલોને નોટરી પ્રમાણપત્ર આપવાથી રાજ્યમાં, કુલ ૯,૫૦૦ જેટલા વકીલો ગુજરાતના નોટરી તરીકે નિયુક્ત થયા છે. જેની સીધી અસર જનતાના કાર્યોમાં સરળતાથી જોવા મળી રહી છે, આજે દરેક ગામમાં નોટરી જનસેવા માટે ઉપલબ્ધ છે. આ સમારોહમાં મુખ્ય સચિવશ્રી મનોજ દાસ, સંયુક્ત સચિવ શ્રી એચ.એસ વર્મા, એડવોકેટ જનરલશ્રી કમલ ત્રિવેદી,લો-યુનિવર્સિટીના રજિસ્ટ્રારશ્રી નીતિન મલિક, ઉપરાંત બહોળી સંખ્યામાં વકીલો ઉપસ્થિત રહ્યા હતા.

---

નાગરિકોને સુરક્ષિત ડિજિટલ પ્લેટફોર્મ પર પોતાની માહિતી ભરવાની સુવિધા આપતો સ્વ-ગણના વિકલ્પનો પ્રથમવાર અમલ કરવામાં આવશે

# રાજ્યની જનગણના કચેરીના ડાયરેક્ટર શ્રી સુજલ મયાત્રાએ સુરત મ્યુનિસિપલ કોર્પોરેશનમાં જનગણના-૨૦૨૭ પૂર્વ-ટેસ્ટની ક્ષેત્રિય કામગીરીની સમીક્ષા કરી

ગુજરાતની જનગણના કચેરીના ડાયરેક્ટર શ્રી સુજલ મયાત્રાએ સુરત મ્યુનિસિપલ કોર્પોરેશનમાં જનગણના-૨૦૨૭ પૂર્વ-ટેસ્ટની ક્ષેત્રિય કામગીરીની સમીક્ષા કરી હતી. જે અંતર્ગત તેમણે સુરત મ્યુનિસિપલ કોર્પોરેશનના વોર્ડ નં.-૨ની મુલાકાત લઈને જનગણના-૨૦૨૭ પૂર્વ-ટેસ્ટ હાઉસ લિસ્ટિંગ અને હાઉસિંગ ઓપરેશન્સ (HLO)ની ચાલી રહેલી કામગીરીની વિસ્તૃતમાં વિગતો મેળવી હતી.



ડાયરેક્ટર શ્રી સુજલ મયાત્રાએ જણાવ્યું હતું કે, આ પૂર્વ-ટેસ્ટ જનગણના-૨૦૨૭ની તૈયારીના ભાગરૂપે કરવામાં આવી રહી છે, જે દેશની પહેલી સંપૂર્ણ રીતે ડિજિટલ અને પેપરલેસ જનગણના હશે. આ જનગણનાનું મુખ્ય લક્ષ્ય ક્ષેત્રિય પ્રક્રિયાઓનું મૂલ્યાંકન, ડિજિટલ એપ્લિકેશન્સનું પરીક્ષણ અને સંપૂર્ણ જનગણનાથી પહેલા ઓપરેશનલ પડકારોની ઓળખ કરવાનું છે.

આ મુલાકાત દરમિયાન શ્રી મયાત્રાએ ગણતરીદારો અને સુપરવાઈઝરો સાથે વાતચીત કરીને તેમના પ્રયાસોની પ્રશંસા કરી હતી. તેમણે ૧૦૦ ટકા ડિજિટલ ડેટા સંગ્રહ સુનિશ્ચિત કરવા માટે મોબાઈલ એપ્લિકેશન્સના ઉપયોગને પ્રોત્સાહન આપ્યું હતું અને ટેકનોલોજી દ્વારા કાર્યક્ષમતા, ચોકસાઈ તેમજ પારદર્શિતામાં વધારો કરવા પર ભાર મૂક્યો હતો.

ડાયરેક્ટર શ્રી મયાત્રાએ જનગણના-૨૦૨૭માં પહેલીવાર અમલમાં આવનાર સ્વ-ગણના (Self-Enumeration) વિકલ્પ પર વિશેષ ભાર મૂક્યો હતો. આ વિકલ્પ નાગરિકોને સુરક્ષિત ડિજિટલ પ્લેટફોર્મ પર પોતાની માહિતી ભરવાની સુવિધા આપે છે. શ્રી મયાત્રાએ ફિલ્ડ સ્ટાફને આ વિકલ્પ સાથે પરિચિત થવા અને નાગરિકોને તેનો વ્યાપક ઉપયોગ કરવા માટે પ્રોત્સાહિત કરવા સૂચન કર્યું હતું.

જનગણના-૨૦૨૭ પૂર્વ-ટેસ્ટ માત્ર તકનીકી અભ્યાસ નથી, પરંતુ દેશના સૌથી મોટા ડિજિટલ ડેટા સંગ્રહ પ્રયાસ માટેની રિહર્સલ છે. સામૂહિક પ્રતિબદ્ધતા અને જાહેર સહભાગીતાથી આ જનગણનાને પારદર્શિતા તથા ટેકનોલોજી સુધારણા માટેનું મોડલ બનાવવા સુરત મ્યુનિસિપલ કોર્પોરેશનના કર્મયોગીઓને શ્રી મયાત્રાએ પ્રેરિત કર્યા હતા.

ફિલ્ડ મુલાકાત બાદ શ્રી મયાત્રાએ સુરતના કલેકટર ડૉ. સૌરભ પારધી અને સુરતના ઉપ મ્યુનિસિપલ કમિશનર શ્રીમતી નિધી સિવાચ સાથે પણ સમીક્ષા બેઠક કરી હતી. આ બેઠકમાં પૂર્વ-ટેસ્ટની પ્રગતિ, તાલીમ-મોનીટરીંગ સિસ્ટમ તેમજ જિલ્લા, ઉપ-જિલ્લા અને કોર્પોરેશન વચ્ચેના સંયોજન અંગે ચર્ચા કરવામાં આવી હતી. તેમણે સુરત શહેરમાં પૂર્વ-ટેસ્ટ કામગીરી શરૂ કરવા માટે કોર્પોરેશન, વહીવટ અને ફિલ્ડ સ્ટાફના પ્રયત્નોની પ્રશંસા કરી હતી.

જનગણના ઓપરેશન્સ એ ગુજરાતમાં આગામી જનગણના-૨૦૨૭ને ઉચ્ચતમ સ્તરની ચોકસાઈ, કાર્યક્ષમતા અને નાગરિક કેન્દ્રિત પ્રક્રિયા સાથે સફળ બનાવવા પ્રતિબદ્ધ છે. વધુમાં, તે રાજ્યના પસંદ કરવામાં આવેલા વિસ્તારોમાં ચાલી રહેલી પૂર્વ-ટેસ્ટ પ્રવૃત્તિઓની કામગીરી સુધારવા અને ફિલ્ડ સ્ટાફની ક્ષમતા મજબૂત કરવા એક મૂલ્યવાન તક પૂરી પાડે છે.

- જીગર બારોટ

---

એગ્રીમેન્ટથી રાજ્ય સરકારને વર્ષે અંદાજિત રૂ. ૧,૧૦૦ કરોડથી વધુની બચત થશે

# આરોગ્ય મંત્રી શ્રી પ્રફુલ પાનશેરિયાની ઉપસ્થિતિમાં ગાંધીનગર ખાતે ગુજરાત સરકાર અને બજાજ કંપની સાથે LOA સંપન્ન

એગ્રીમેન્ટથી રાજ્ય સરકાર દ્વારા પરીવાર દીઠ રૂ. ૨,૬૭૯નું પ્રિમીયમ ચુકવાશે તથા યોજનામાં નવા દાખલ થનાર નવા ૧.૫૧લાખ નાગરીકોનું પ્રિમીયમ પણ માફ કરાશે

ગુજરાતના લાખો ગરીબ પરિવારોના આરોગ્યની સુરક્ષાને વધુ સુદૃઢ બનાવવા માટે ગુજરાત સરકારે એક મહત્ત્વપૂર્ણ પગલું ભર્યું છે. ગાંધીનગર ખાતે આરોગ્ય મંત્રી શ્રી પ્રફુલ પાનશેરિયાની ઉપસ્થિતિમાં આયુષ્માન ભારત પ્રધાનમંત્રી જન આરોગ્ય યોજના હેઠળ રાજ્ય સરકારે બજાજ ઈન્સ્યોરન્સ કંપની સાથે એક નવા લેટર ઓફ એવોર્ડ (LOA) પર હસ્તાક્ષર કર્યા છે, જે રાજ્યની જનતા માટે આર્થિક રાહત અને વિસ્તૃત આરોગ્ય કવચ સુનિશ્ચિત કરે છે.આ એગ્રીમેન્ટથી રાજ્ય સરકારને વર્ષે અંદાજિત ૧,૧૦૦ કરોડથી વધુનો ફાયદો થશે. આ બચત થયેલા નાણાંનો ઉપયોગ રાજ્ય સરકાર અન્ય જનકલ્યાણકારી યોજનાઓ અને આરોગ્ય માળખાને વધુ મજબૂત બનાવવા માટે કરી શકશે, જે નાગરિકોના સર્વાંગી વિકાસ માટે અત્યંત મહત્ત્વપૂર્ણ છે. આયુષ્માન



ભારત પ્રધાનમંત્રી જન આરોગ્ય યોજના હેઠળ ગરીબ પરિવારોને આરોગ્ય કવર આપતી યોજના છે જેમાં ગુજરાતમાં આયુષ્માન ભારત પ્રધાનમંત્રી જન આરોગ્ય યોજનામાં ૧.૦૩ કરોડ પરીવારો લાભ લઈ રહ્યા છે. રાજ્ય સરકાર દ્વારા આ યોજનામાં પરીવાર દીઠ બજાજ ઈન્સ્યોરન્સ કંપનીને રૂ.૩,૭૦૮ પ્રિમીયમ ચુકવવામાં આવે છે. પોલિસી-૯ દરમિયાન, યોજના હેઠળ રૂ. ૩૬૫૭.૨૪ કરોડના કુલ ૧૩,૬૦,૯૭૭ દાવા નોંધાયા હતા. આ એગ્રીમેન્ટ થવાથી રાજ્ય સરકાર દ્વારા પરીવાર દીઠ હવેથી રૂ. ૨,૬૭૯ નું પ્રિમીયમ ચુકવવામાં આવશે. આ ઉપરાંત આ એગ્રીમેન્ટના કારણે બજાજ ઈન્સ્યોરન્સ કંપની દ્વારા આ યોજનામાં દાખલ થનાર નવા ૧.૫૧ લાખ નાગરીકોનું પ્રિમીયમ પણ માફ કરવામાં આવશે. આ એગ્રીમેન્ટ ગુજરાત સરકારના આર્થિક વ્યવસ્થાપન અને નાગરિકો પ્રત્યેની પ્રતિબદ્ધતાનું ઉત્તમ ઉદાહરણ સાબિત થશે. આ પ્રસંગે આરોગ્ય વિભાગના અગ્ર સચિવ શ્રી ધનંજય દ્વિવેદી, અધિક નિયામક શ્રી હિતેશ બ્રહ્મભટ્ટ, બજાજ કંપનીના પ્રતિનીધી શ્રી હિમાંશુ રોય અને ઉદયપ્રતાપ સિંધ ઉપસ્થિત રહ્યાં હતા.

---

# પ્રતાપનગર યાર્ડમાં એન્જિનિયરીંગ કામ માટે બ્લૉકના કારણે કેટલીક ટ્રેનો રદ રહેશે

પશ્ચિમ રેલવેના વડોદરા મંડળના વિશ્વામિત્રી – ડભોઈ સેક્શનમાં આવેલ પ્રતાપનગર સ્ટેશન પર યાર્ડ રિમોડલિંગ કામ માટે એન્જિનિયરીંગ બ્લૉક લેવામાં આવશે, આ બ્લૉકના કારણે ૧૪ નવેમ્બર ૨૦૨૫ ના રોજ કેટલીક ટ્રેનો રદ રહેશે. જેની વિગતો આ મુજબ છે:

પૂર્ણપણે રદ ટ્રેનો

૧. ટ્રેન નં. ૬૯૨૦૧ પ્રતાપનગર –એકતાનગર મેમૂ ટ્રેન ૧૪ નવેમ્બર ના રોજ રદ રહેશે

૨. ટ્રેન નં. ૬૯૨૦૨ એકતાનગર –પ્રતાપનગર મેમૂ ટ્રેન ૧૪ નવેમ્બર ના રોજ રદ રહેશે

૩. ટ્રેન નં. ૬૯૨૦૩ પ્રતાપનગર –એકતાનગર મેમૂ ટ્રેન ૧૪ નવેમ્બર ના રોજ રદ રહેશે

૪. ટ્રેન નં. ૬૯૨૦૪ એકતાનગર –પ્રતાપનગર મેમૂ ટ્રેન ૧૪ નવેમ્બર ના રોજ રદ રહેશે

૫. ટ્રેન નં. ૬૯૨૦૫ પ્રતાપનગર –એકતાનગર મેમૂ ટ્રેન ૧૪ નવેમ્બર ના રોજ રદ રહેશે

૬. ટ્રેન નં. ૬૯૨૦૬ એકતાનગર –પ્રતાપનગર મેમૂ ટ્રેન ૧૪ નવેમ્બર ના રોજ રદ રહેશે

૭. ટ્રેન નં. ૫૯૧૧૭ પ્રતાપનગર – છોટાઉદેપુર પેસેન્જર ટ્રેન ૧૪ નવેમ્બર ના રોજ રદ રહેશે

૮. ટ્રેન નં. ૫૯૧૨૨ છોટાઉદેપુર – પ્રતાપનગર પેસેન્જર ટ્રેન ૧૪ નવેમ્બર ના રોજ રદ રહેશે

૯. ટ્રેન નં. ૫૯૧૨૫ પ્રતાપનગર – છોટાઉદેપુર પેસેન્જર ટ્રેન ૧૪ નવેમ્બર ના રોજ રદ રહેશે

૧૦. ટ્રેન નં. ૫૯૧૨૬ છોટાઉદેપુર – પ્રતાપનગર પેસેન્જર ટ્રેન ૧૪ નવેમ્બર ના રોજ રદ રહેશે

૧૧. ટ્રેન નં. ૫૯૧૨૩ પ્રતાપનગર – જોબટ પેસેન્જર ટ્રેન ૧૪ નવેમ્બર ના રોજ રદ રહેશે

૧૨. ટ્રેન નં. ૫૯૧૨૪ જોબટ – પ્રતાપનગર પેસેન્જર ટ્રેન ૧૪ નવેમ્બર ના રોજ રદ રહેશે

આંશિક રૂપે રદ

૧. ૧૪ નવેમ્બર ૨૦૨૫ ના રોજ ટ્રેન નં. ૫૯૧૧૮ અલીરાજપુર – પ્રતાપનગર પેસેન્જર ડભોઈ સુધી ચાલશે તથા ડભોઈ – પ્રતાપનગર વચ્ચે આંશિક રદ રહેશે.

૨. ૧૪ નવેમ્બર ૨૦૨૫ ના રોજ ટ્રેન નં. ૫૯૧૨૧ પ્રતાપનગર– અલીરાજપુર પેસેન્જર ડભોઈથી ચાલશે તથા પ્રતાપનગર – ડભોઈ વચ્ચે આંશિક રદ રહેશે.

રેલવે યાત્રીઓને જણાવવાનું કે ઉપરોક્ત ફેરફારને ધ્યાનમાં રાખીને યાત્રા કરે. ટ્રેનોના સંચાલન સમય, રોકાણ અને સંરચનાથી સંબંધિત વિગતવાર માહિતી માટે યાત્રી www.enquiry.indianrail.gov.in પર જઈને અવલોકન કરી શકે છે.

---

# ૧૩-૧૪ નવેમ્બર ની રાત્રે ૪ કલાક માટે રાંધેજા સ્થિત રેલવે ફાટક નં.૧૫ માર્ગ વાહન વ્યવહાર માટે બંધ રહેશે

પશ્ચિમ રેલવે અમદાવાદ મંડળના ગાંધીનગર હાઈવે થી માણસા વચ્ચે આવેલ રાંધેજા રેલવે ફાટક નં. ૧૫ તા. ૧૩-૧૪ નવેમ્બર, ૨૦૨૫ ની રાત્રે ૪ કલાક માટે માર્ગ વાહન વ્યવહાર માટે બંધ રહેશે.

આદરજ મોટી-વિઝાપુર રેલવે લાઈન ગેજ પરિવર્તન પ્રોજેક્ટ અંતર્ગત પ્રસ્તાવિત મશીન ટેમ્પિંગ કામ માટે ગાંધીનગર હાઈવે થી માણસા વચ્ચે આવેલ રાંધેજા રેલવે ક્રોસિંગ નં.૧૫ તા. ૧૩ નવેમ્બર, ૨૦૨૫ ના રોજ રાત્રે ૨૩.૦૦ વાગ્યાથી ૧૪ નવેમ્બર, ૨૦૨૫ ના રોજ ૦૩.૦૦ વાગ્યા સુધી ૪ કલાક માટે માર્ગ વાહનવ્યવહાર માટે બંધ રહેશે.

---

૩૦ નવેમ્બર સુધીમાં રોડ ગુણવત્તાનો રિપોર્ટ સોંપો

# CM ભૂપેન્દ્ર પટેલની મંત્રીઓને કડક સૂચનાઃ સોમ-મંગળે જનતાને મળો

## પ્રભારી જિલ્લાઓમાં વહીવટી પ્રશાસન સાથે બેઠક યોજવા અને પ્રજાલક્ષી પ્રોજેક્ટ્સની સમીક્ષા કરવાનો આદેશ

(સંપૂર્ણ સમાચાર સેવા)ગાંધીનગર

ગુજરાતના મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલે તેમના સાથી મંત્રીઓને વહીવટી કાર્યક્ષમતા અને જનતા સાથેના જોડાણને મજબૂત કરવા માટે કડક સૂચનાઓ જારી કરી છે. મુખ્યમંત્રીએ મંત્રીઓને આદેશ આપ્યો છે કે સોમવાર અને મંગળવારના દિવસો દરમિયાન કોઈ બેઠકો ન બોલાવવી અને તે દિવસો ખાસ કરીને જનતા અને જનતાના પ્રતિનિધિઓને મળવા માટે ફાળવવા. આ ઉપરાંત, તમામ પ્રભારી મંત્રીઓને ૩૦ નવેમ્બર સુધીમાં તેમના પ્રભારી જિલ્લાઓમાં વહીવટી પ્રશાસન સાથે બેઠક યોજીને પ્રજાલક્ષી પ્રોજેક્ટ્સની સમીક્ષા કરવા અને ખાસ કરીને રોડ-રસ્તાઓની ગુણવત્તા ચકાસીને અહેવાલ સુપરત કરવાનો આદેશ આપવામાં આવ્યો છે. રોડની ગુણવત્તા ખરાબ જણાય તો અધિકારીઓ અને કોન્ટ્રાક્ટરો સામે કડક કાર્યવાહી કરવાના પણ નિર્દેશો આપવામાં આવ્યા છે.

ગુજરાતના મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલે મંત્રીમંડળની વહીવટી કાર્યશૈલીમાં સુધારો લાવવા માટે તેમના સાથી મંત્રીઓને નિશ્ચિત માર્ગદર્શિકા આપી છે. મુખ્યમંત્રીની આ કડક સૂચનાઓનો મુખ્ય હેતુ શાસનમાં પારદર્શિતા લાવવા અને પ્રજા સાથેનો સંપર્ક વધારવાનો છે.

મુખ્યમંત્રીએ મંત્રીઓને આદેશ આપ્યો છે કે સોમવાર અને મંગળવારના દિવસો દરમિયાન સરકારી અથવા આંતરિક બેઠકો યોજવાનું ટાળવું. આ બંને દિવસો ખાસ કરીને જનતા અને જનતાના પ્રતિનિધિઓ (ધારાસભ્યો, સ્થાનિક નેતાઓ) ને મળવા માટે ફાળવવા, જેથી લોકોના પ્રશ્નોનું ઝડપથી નિવારણ લાવી શકાય.

મુખ્યમંત્રીએ તમામ પ્રભારી મંત્રીઓને તેમના પ્રભારી જિલ્લાઓમાં તાત્કાલિક ધોરણે મુલાકાત લેવા અને વહીવટી કામગીરીની સમીક્ષા કરવા માટે સૂચના આપી છે. મંત્રીઓએ ૩૦ નવેમ્બર સુધીમાં તેમના પ્રભારી જિલ્લાઓમાં વહીવટી પ્રશાસન સાથે બેઠક કરીને પ્રજાલક્ષી પ્રોજેક્ટ્સની સ્થિતિની સમીક્ષા કરવી પડશે. આ બેઠકોમાં ચાલુ વિકાસ કાર્યો, યોજનાઓની પ્રગતિ અને લોકોના પડતર પ્રશ્નો પર ધ્યાન કેન્દ્રિત કરવાનું કહેવામાં આવ્યું છે.

મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલે રોડ-રસ્તાઓની ગુણવત્તા અંગે વિશેષ કડકાઈ દર્શાવી છે. પ્રભારી મંત્રીઓને રોડ-રસ્તાઓ માટે અલગથી સમીક્ષા બેઠક બોલાવવાનો અને કામગીરીની ગુણવત્તા ચકાસવાનો આદેશ આપવામાં આવ્યો છે. તેમણે સ્પષ્ટપણે કહ્યું છે કે જો રોડની ગુણવત્તામાં કોઈ બેદરકારી કે ખામી જણાશે, તો સંબંધિત અધિકારીઓ અને કોન્ટ્રાક્ટરો સામે કડક કાર્યવાહી થવી જોઈએ. આ આદેશ જાહેર બાંધકામોમાં ભ્રષ્ટાચાર અને ગુણવત્તાહીન કામગીરી પ્રત્યે સરકારની ગંભીરતા દર્શાવે છે.

તમામ પ્રભારી મંત્રીઓએ તેમના જિલ્લાની મુલાકાતો, પ્રશાસન સાથેની બેઠકો અને રોડ-રસ્તાઓની ગુણવત્તાની સમીક્ષા કર્યા બાદ ૩૦ નવેમ્બર પછી મુખ્યમંત્રી કાર્યાલયને વિગતવાર અહેવાલ સોંપવાનો રહેશે. આ અહેવાલ મુખ્યમંત્રીને રાજ્યભરમાં ચાલી રહેલા પ્રજાલક્ષી કાર્યોની પ્રગતિ અને વહીવટી તંત્રની કાર્યક્ષમતાનું સીધું મૂલ્યાંકન કરવામાં મદદરૂપ થશે. આ સૂચનાઓ ગુજરાતમાં લોકાભિમુખ શાસન અને મંત્રીઓની વધેલી જવાબદારી તરફ ઈશારો કરે છે.

ATS સહિત તમામ ફિલ્ડ યુનિટના સમગ્ર ઈન્ફ્રાસ્ટ્રક્ચરને સ્ટ્રેન્ધન કરવા અંગે વિસ્તૃત ચર્ચા કરવામાં આવી

# રાજ્યમાં આતંકવાદ વિરોધી પ્રવૃત્તિઓ અનુસંધાને રાજ્યના પોલીસ વડા શ્રી વિકાસ સહાયની મહત્વપૂર્ણ બેઠક

## પ્રવર્તમાન પરિસ્થિતિને ધ્યાનમાં રાખીને રાજ્યમાં કોઈ અનિચ્છનીય બનાવ ન બને તે માટે એડવાન્સ લેવલની તકેદારી રાખવા અંગે માર્ગદર્શન આપવાની સાથે જરૂરી સૂચનાઓ આપવામાં આવી

રાજ્યના પોલીસ વડા શ્રી વિકાસ સહાયની અધ્યક્ષતામાં આજે પોલીસ ભવન ખાતેથી વીડિયો કોન્ફરન્સ દ્વારા રાજ્યના તમામ યુનિટ વડાઓ, શહેર પોલીસ કમિશનરશ્રીઓ અને જિલ્લાઓના પોલીસ વડાઓ સાથે એક મહત્વપૂર્ણ બેઠક યોજવામાં આવી હતી. આ બેઠકમાં આતંકવાદી ગતિવિધિઓ અનુસંધાને પ્રવર્તમાન પરિસ્થિતિને ધ્યાનમાં રાખીને રાજ્યમાં કોઈ અનિચ્છનીય બનાવ ન બને તે માટે એડવાન્સ લેવલની તકેદારી રાખવા અંગે માર્ગદર્શન આપવાની સાથે જરૂરી સૂચનાઓ આપવામાં આવી હતી.

નાગરિક સુરક્ષા સુનિશ્ચિત કરવા પર ભાર મૂકીને આ બેઠકમાં છ્જી સહિત તમામ ફિલ્ડ યુનિટના સમગ્ર ઈન્ફ્રાસ્ટ્રક્ચરને મજબૂત (સ્ટ્રેન્ધન) કરવા અંગે વિસ્તૃત ચર્ચા કરવામાં આવી હતી. તે ઉપરાંત રાજ્યના પોલીસ વડા શ્રી વિકાસ સહાયે તમામ જિલ્લાના સ્પેશ્યલ ઓપરેશન ગ્રુપ (SOG)ની કામગીરીની સમીક્ષા કરી વિવિધ ૩૦ મુદ્દાઓ પર રજીસ્ટરની યોગ્ય નિભાવણી કરવા પર ખાસ ભાર મૂક્યો હતો.

બેઠકમાં ખાસ કરીને આતંકવાદ પ્રવૃત્તિઓ સાથે જોડાયેલા ગંભીર ગુનાઓમાં એટલે કે અન લૉ ફુલ એક્ટિવિટિઝ પ્રિવેન્શન એક્ટ તેમજ ટેરેરિસ્ટ ડિસરપ્ટીવ એક્ટિવિટિઝ પ્રિવેન્શન એક્ટ ઉપરાંત NDPS એક્ટ (નાર્કોટિક ડ્રગ્સ એન્ડ સાયકોટ્રોપિક સબસ્ટન્સ એક્ટ), આર્મ્સ એક્ટ, એક્સપ્લોઝિવ એક્ટ, ફેક ઈન્ડિયન કરન્સી (નકલી ભારતીય ચલણ) અગાઉ પકડાયેલા આરોપીઓ, ગુનાહિત ઈતિહાસ સહિતનું રજીસ્ટર નિભાવવા તથા આ પ્રકારના આરોપીઓ પર સતત વોચ રાખવા અને તેમની ગતિવિધિઓ પર નજર રાખવા માટેની સૂચનાઓ આપવામાં આવી હતી.

રાજ્યના પોલીસ વડા શ્રી સહાયે માત્ર SOG ને જ નહીં, પરંતુ લોકલ પોલીસને પણ પોતાના હ્યુમન ઈન્ટેલિજન્સને સક્રિય રાખીને આ પ્રકારની પ્રવૃત્તિઓ અંગે સતત વોચ રાખવા માટે જરૂરી સૂચના આપી હતી. આ મહત્વપૂર્ણ બેઠકમાં પોલીસ ભવન ખાતેથી ATS એડીજીપીશ્રી, ATS ડીઆઈજીશ્રી, રાજ્યના આઈ.બી. (ઈન્ટેલિજન્સ બ્યુરો) ડી.આઈ.જીશ્રી હાજર રહ્યા હતા. જ્યારે વીડિયો કોન્ફરન્સના માધ્યમથી રાજ્યના તમામ યુનિટના વડા, તમામ પોલીસ કમિશનરશ્રી અને જિલ્લાઓના પોલીસ વડાશ્રીઓ જોડાયા હતા.

# ગીર સોમનાથના પ્રભાસ પાટણમાં સરકારી જમીન પરના ગેરકાયદે ઊભા કરી દેવાયેલા એક ધાર્મિક સહિત ૧૨ મોટા દબાણો પર બુલડોઝર ફર્યું

## નાગરિકો માટે રમતના મેદાન, ગાર્ડન, લાયબ્રેરી અને દવાખાના જેવી સુવિધાઓ માટે ઉપયોગમાં લઈ શકાય તેવી સરકારી જગ્યાઓ પર ઊભા કરી દેવાયેલા તમામ ગેરકાયદે દબાણો પર દાદાનું બુલડોઝર ફરશે : નાયબ મુખ્યમંત્રી શ્રી હર્ષ સંઘવી





રાજ્યના મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્ર પટેલના માર્ગદર્શન હેઠળ અને નાયબ મુખ્યમંત્રી શ્રી હર્ષ સંઘવીના કડક આદેશોથી રાજ્યભરમાં સરકારી જમીન પરના ગેરકાયદે દબાણો દૂર કરવાની ઝુંબેશ ચાલી રહી છે. આ ઝુંબેશના ભાગરૂપે ગીર સોમનાથ જિલ્લાના પ્રભાસ પાટણ વિસ્તારમાં ગઈકાલે તંત્ર દ્વારા મોટા પાયે ડિમોલેશન કાર્યવાહી હાથ ધરવામાં આવી હતી.

નાગરિકો માટે રમતના મેદાન, ગાર્ડન, લાયબ્રેરી અને દવાખાના જેવી સુવિધાઓ માટે ઉપયોગમાં લઈ શકાય તેવી સરકારી જગ્યાઓ પર ઊભા કરી દેવાયેલા તમામ ગેરકાયદે દબાણો પર દાદાનું બુલડોઝર ફરશે તેમ નાયબ મુખ્યમંત્રી શ્રી હર્ષ સંઘવીએ જણાવ્યું હતું.

ગીર સોમનાથ જિલ્લાના પ્રભાસ પાટણ વિસ્તારમાં તંત્ર દ્વારા ચુસ્ત પોલીસ બંદોબસ્ત વચ્ચે કુલ ૧૨ ગેરકાયદે દબાણો પર બુલડોઝર ફેરવવામાં આવ્યું હતું. આ દબાણોમાં એક ધાર્મિક દબાણ (દરગાહ), ત્રણ દુકાનો અને આઠ રહેણાંક મકાનોનો સમાવેશ થાય છે.

આ કાર્યવાહીમાં આશરે દોઢ કરોડથી વધુ કિંમતની ૧૩૦૦ થી ૧૪૦૦ ચોરસ મીટર સરકારી જમીન ગેરકાયદે દબાણમુક્ત કરવામાં આવી છે.

જોકે, ડિમોલેશનની કાર્યવાહી શાંતિપૂર્ણ રીતે ચાલી રહી હતી ત્યારે એક ધાર્મિક દબાણ હટાવતી વખતે અચાનક મોટું ટોળું એકઠું થઈ ગયું હતું. આ ટોળાએ પોલીસકર્મીઓ પર પથ્થરમારો શરૂ કરી દીધો હતો. પરિસ્થિતિ બેકાબૂ બનતા ટોળાને નિયંત્રિત કરવા માટે પોલીસે લાઠીચાર્જ અને બળ પ્રયોગ કરવાની ફરજ પડી હતી.

આ ઘર્ષણમાં પોલીસ અધિકારી અને કર્મચારીઓ પણ ઘાયલ થયા હતા.

પોલીસે સમગ્ર ઘટના અંગે કડક વલણ અપનાવીને ટોળામાં ઘૂસી આવેલા અને કાયદો-વ્યવસ્થાનો ભંગ કરનારા તત્વો સામે ગુનો દાખલ કરીને કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે.

મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્રભાઈ પટેલની અધ્યક્ષતામાં યોજાઈ રાજ્ય મંત્રી મંડળની બેઠક

# ખેડૂતોના હિતમાં બે સંવેદનશીલ કૃષિ પેકેજ અને જળ વ્યવસ્થાપન ક્ષેત્રે ગુજરાતની સિદ્ધિ માટે રાજ્ય મંત્રી મંડળે મુખ્યમંત્રીશ્રીને અભિનંદન પાઠવ્યા: પ્રવક્તા મંત્રી શ્રી જીતુભાઈ વાઘાણી

## અગાઉના કૃષિ રાહત પેકેજમાં રૂ. ૧૯૦ કરોડનો વધારો થતા હવે બંને રાહત પેકેજની કુલ રકમ રૂ. ૧૧,૧૩૭ કરોડ થઈ: શ્રી જીતુભાઈ વાઘાણી



મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્રભાઈ પટેલની અધ્યક્ષતા હેઠળ આજે રાજ્ય મંત્રી મંડળની બેઠક મળી હતી. આ બેઠકમાં ચર્ચાયેલા મહત્વપૂર્ણ વિષયો અંગે પ્રેસ-મીડિયાને માહિતી આપતા પ્રવક્તા મંત્રી શ્રી જીતુભાઈ વાઘાણીએ જણાવ્યું હતુ કે, રાજ્યમાં તાજેતરના વરસેલા કમોસમી વરસાદને પરિણામે ખેડૂતોને થયેલા નુકસાનમાંથી તેમને ફરી બેઠા કરવા મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્ર પટેલે સંવેદનશીલ અભિગમથી જાહેર કરેલા અગાઉ રૂ. ૯૪૭ કરોડ અને તાજેતરમાં રૂ. ૧૦,૦૦૦ કરોડના એમ બે ઉદારતમ કૃષિ રાહત પેકેજ બદલ રાજ્ય મંત્રી મંડળે તેમને ગુજરાતના ખેડૂતો વતી અભિનંદન પાઠવીને આભાર વ્યક્ત કર્યો હતો.

આ ઉપરાંત મુખ્યમંત્રીશ્રીએ ઉદાર અભિગમ અપનાવીને અગાઉના રૂ. ૯૪૭ કરોડના પેકેજમાં પિયત અને બિન પિયત માટે એક સમાન ધોરણે સહાય આપવાનો નિર્ણય કરતાં વધુ રૂ. ૧૯૦ કરોડ ફાળવતા સહાય પેકેજની રકમ હવે રૂ. ૧૧૩૭ કરોડ થઈ છે. આમ, સમગ્ર ગુજરાતમાં કમોસમી વરસાદનો માર સહન કરેલા ધરતીપુત્રોને રાજ્ય સરકાર દ્વારા કુલ રૂ. ૧૧,૧૩૭ કરોડનું માતબર પેકેજ મુખ્યમંત્રીશ્રીએ આપ્યું છે, તેમ મંત્રીશ્રીએ ઉમેર્યું હતું. મંત્રી શ્રી વાઘાણીએ વધુમાં જણાવ્યું હતુ કે, જળ વ્યવસ્થાપન ક્ષેત્રે પણ ગુજરાતે વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીના નેતૃત્વમાં અને મુખ્યમંત્રીશ્રીના માર્ગદર્શનમાં ઐતિહાસિક સિદ્ધિઓ મેળવી છે.

ભારત સરકારના જળશક્તિ મંત્રાલય દ્વારા જાહેર કરેલા છઠ્ઠા નેશનલ વોટર એવોર્ડ્સમાં ગુજરાતે જળ સંરક્ષણ ક્ષેત્રે દ્વિતીય સ્થાન મેળવ્યું છે. આ ઉપરાંત શ્રેષ્ઠ સિવિલ સોસાયટી શ્રેણીમાં બનાસ ડેરીને પ્રથમ સ્થાન, શ્રેષ્ઠ ઈનસાઈડ કેમ્પસ શ્રેણીમાં IIT-ગાંધીનગરને પ્રથમ સ્થાન તેમજ શ્રેષ્ઠ અર્બન લોકલ બોડી શ્રેણીમાં ભાવનગર મહાનગરપાલિકાને દ્વિતીય સ્થાન પ્રાપ્ત થયું છે. આ સિદ્ધિ માટે પણ રાજ્ય મંત્રી મંડળની બેઠકે અભિનંદન પાઠવ્યા હતા, તેમ તેમણે ઉમેર્યું હતું. - નિતિન રથવી

ક્રીટીકલ કેર, ઈમરજન્સી - ડિઝાસ્ટર, કાર્ડીઓલોજી, ઓનકોલોજી જેવા વિવિધ આઠ વિષયોનો સમાવેશ

# સરકારી નર્સીંગ - મેડીકલ કોલેજમાં નિશ્ચિત સારવાર માટે એક વર્ષનો વિશેષ 'પોસ્ટ બેઝિક ડિપ્લોમા' કોર્ષ શરૂ કરાયો

## પ્રવેશ મેળવવા ઈચ્છુક વિદ્યાર્થી જે તે સંસ્થાની વેબસાઈટ પર તા. ૨૧ નવેમ્બર સુધી અરજી કરી શકશે

ગુજરાતના નાગરિકોને હોસ્પિટલોમાં ગુણવત્તાસભર અને અદ્યતન સારવાર મળી રહે તે સુનિશ્ચિત કરવા માટે રાજ્ય સરકારના આરોગ્ય વિભાગ દ્વારા એક મહત્વપૂર્ણ નિર્ણય લેવામાં આવ્યો છે. રાજ્ય સરકાર દ્વારા નિશ્ચિત રોગની સારવાર માટે એક વર્ષનો વિશેષ નર્સિંગ કોર્ષ શરૂ કરવામાં આવ્યો છે. જેમાં વિવિધ વિષયના કુલ આઠ જુદા જુદા રેસીડેન્સીયલ પોસ્ટ બેઝિક ડિપ્લોમા કોર્ષનો સમાવેશ થાય છે. આ કોર્ષ શરૂ થવાથી સ્ટાફ નર્સની સેવાઓની ગુણવત્તા અને કુશળતામાં વધારો કરવાનો છે.

આ કોર્ષમાં પ્રવેશ મેળવવા ઈચ્છુક વિદ્યાર્થી જે તે સંસ્થાની વેબસાઈટ પર તા. ૨૧ નવેમ્બર ૨૦૨૫ સુધી અરજી કરી શકશે. માર્ગદર્શિકા પ્રમાણે જે તે નર્સિંગ કોલેજ - મેડિકલ કોલેજ દ્વારા એડમિશન પ્રક્રિયા હાથ ધરવામાં આવશે.

આ કોર્ષ સ્ટાફ નર્સને ચોક્કસ તબીબી શાખાઓમાં ઊંડી સમજ અને પ્રેક્ટીકલ તાલીમ પૂરી પાડશે. આ એક વર્ષના વિશેષજ્ઞ કોર્ષ પૂર્ણ કર્યા બાદ રાજ્યભરની હોસ્પિટલોમાં ફરજ બજાવતા સ્ટાફ નર્સની કામગીરીની ગુણવત્તામાં નોંધપાત્ર વધારો થશે, જેનાથી દર્દીઓને વધુ સારી અને કુશળ સારવાર મળી શકશે. આ કોર્ષમાં થીયરી કરતાં પ્રેક્ટીકલ પર વધુ ધ્યાન કેન્દ્રીત કરવામાં આવશે.

આ નર્સિંગ વિષયના કુલ આઠ કોર્ષમાં ક્રીટીકલ કેર, ઈમરજન્સી - ડિઝાસ્ટર, નીઓન્ટલ, ઓર્થો અને રીહેબીલેશન, બર્ન-રીકન્સ્ટ્રકટીવ, કાર્ડીઓલોજી, ઓનકોલોજી તથા સાઈકીઆટ્રીકનો સમાવેશ થાય છે. જેમાં તેઓ નિષ્ણાંત થઈને દર્દીઓને વધુ સારી સારવાર આપી શકે છે. આ કોર્ષની રચના એવી રીતે કરવામાં આવી છે કે જેથી હોસ્પિટલોમાં દર્દીલક્ષી સંભાળ અને ઉચ્ચ ગુણવત્તાયુક્ત સેવાઓના ધ્યેયને વધુ મજબૂત બનાવી શકાય. આ કોર્ષમાં રાજ્ય સરકાર અને GMERS સંચાલિત સંસ્થાઓમાં ફરજો બજાવતાં હોય તેવા કર્મચારીઓ તેમજ અન્ય ઈચ્છુક ઉમેદવારો પણ પ્રવેશ મેળવી શકશે. ગુજરાત સરકારનો આ નિર્ણય રાજ્યની આરોગ્ય વ્યવસ્થાને વધુ આધુનિક, કાર્યક્ષમ અને દર્દી-મૈત્રીપૂર્ણ બનાવવાની દિશામાં એક માઈલસ્ટોન સાબિત થશે તેમ આરોગ્ય અને પરીવાર કલ્યાણ વિભાગની યાદીમાં જણાવાયું હતું. - ઋચા રાવલ

ગૌ-સંવર્ધન અને ગૌ-સંરક્ષણ માટે મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્ર પટેલના નેતૃત્વ હેઠળની રાજ્ય સરકાર પ્રતિબદ્ધ

# ગૌહત્યા જેવા ગુના માટે રાજ્ય સરકાર કોઈ દયા દાખવશે નહીં: પ્રવક્તા મંત્રી શ્રી જીતુભાઈ વાઘાણી

## ગૌહત્યા કેસમાં ઐતિહાસિક ચુકાદો; અમરેલીમાં ત્રણ આરોપીઓને આજીવન કેદની સજા

ગુજરાતના અમરેલી જિલ્લામાં ગૌહત્યાના એક જઘન્ય ગુનામાં નામદાર કોર્ટે આપેલા ઐતિહાસિક ચુકાદાને રાજ્ય સરકારના પ્રવક્તા મંત્રી શ્રી જીતુભાઈ વાઘાણીએ ગૌવંશનું કતલ કરતા કસાઈઓ માટે 'લાલબત્તી સમાન' ગણાવીને જણાવ્યું હતું કે, ગૌમાતા ભારતીય સંસ્કૃતિ અને આસ્થાનું કેન્દ્ર છે. ગૌહત્યા જેવા ગુના માટે રાજ્ય સરકાર કોઈ દયા દાખવશે નહીં.

મંત્રી શ્રી વાઘાણીએ જણાવ્યું હતુ કે, અમરેલી પોલીસે બાતમીના આધારે ગૌવંશનું કતલ કરીને તેનું વેચાણ કરતા ત્રણ આરોપીઓને ઝડપી પાડ્યા હતા. આ જઘન્ય ગુના બદલ પોલીસે ચાર્જશીટ ફાઈલ કર્યા બાદ, ગઈકાલે અમરેલીની નામદાર કોર્ટે ત્રણેય આરોપીઓને ગુનેગાર ઠેરવીને ઐતિહાસિક સજા આજીવન કેદ અને રૂ. પાંચ લાખના દંડની સજા ફરમાવી છે.

મંત્રીશ્રીએ આ કડક સજા પાછળના કાયદાકીય ઈતિહાસ પર પ્રકાશ પાડતા ઉમેર્યું હતું કે, તત્કાલીન મુખ્યમંત્રી અને હાલના વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીજીના નેતૃત્વ હેઠળ વર્ષ ૨૦૧૧માં સૌપ્રથમવાર ગૌવંશના કતલ સામે આ કડક કાયદો અમલમાં આવ્યો હતો. ત્યારબાદ તેને વધુ કડક બનાવવામાં આવ્યો, જેમાં આજીવન કારાવાસની જોગવાઈ ઉમેરાઈ હતી. આ કાયદો ગૌહત્યા કરનારાઓને સૌથી કડક સજા આપવાની જોગવાઈ સાથે દેશમાં અગ્રેસર છે, અને આજે એ જ કાયદો ન્યાયનો નવો ઈતિહાસ રચી રહ્યો છે.

મંત્રી શ્રી વાઘાણીએ ભારપૂર્વક જણાવ્યું હતું કે, આ ચુકાદો સ્પષ્ટ કરે છે કે ગૌમાતા સાથે અન્યાય કરનારાઓને રાજ્ય સરકાર સખત હાથે કાયદાકીય પાઠ ભણાવશે. આ ઐતિહાસિક ચુકાદા બાદ ભવિષ્યમાં ગૌવંશ હત્યાની પ્રવૃત્તિનો વિચાર કરતા તત્વો પણ ધ્રૂજી ઉઠશે.

તેમણે ઉમેર્યુ હતુ કે, મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્રભાઈ પટેલના નેતૃત્વમાં અને નાયબ મુખ્યમંત્રી શ્રી હર્ષ સંઘવીના માર્ગદર્શનમાં રાજ્ય સરકાર ગૌ-સંવર્ધન અને ગૌ-સંરક્ષણ માટે સંપૂર્ણપણે પ્રતિબદ્ધ છે અને આ બાબતને ટોચની પ્રાથમિકતા આપે છે.

વિડીયો કોન્ફરન્સથી મહેસાણાના કાર્યક્રમમાં જોડાશે

# કેન્દ્રિય ગૃહમંત્રી અમિત શાહનો ગુજરાત પ્રવાસ રદ

## કેન્દ્રીય ગૃહમંત્રી અમિત શાહ ૧૩ નવેમ્બરે અમદાવાદ અને મહેસાણાના કાર્યક્રમોમાં હાજરી આપવાના હતા

(સંપૂર્ણ સમાચાર સેવા)અમદાવાદ

કેન્દ્રીય ગૃહમંત્રી અમિત શાહે પોતાનો એક દિવસનો ગુજરાત પ્રવાસ રદ કરી દીધો છે. તેઓ આવતીકાલે, ૧૩ નવેમ્બરના રોજ ગુજરાતના પ્રવાસે આવીને અમદાવાદ અને મહેસાણા ખાતેના વિવિધ કાર્યક્રમોમાં હાજરી આપવાના હતા, પરંતુ દિલ્હીમાં ૧૦મી નવેમ્બરના રોજ થયેલા કાર બ્લાસ્ટની ચાલી રહેલી તપાસ અને સંભવિત આતંકવાદી કનેક્શનને કારણે તેમણે આ પ્રવાસ રદ કરવાનો નિર્ણય લીધો છે. જોકે, મહેસાણાના બોરીયાવી ખાતેના કાર્યક્રમમાં કેન્દ્રીય ગૃહ મંત્રી વિડીયો કોન્ફરન્સના માધ્યમથી જોડાઈ શકે છે. દિલ્હીમાં થયેલા બ્લાસ્ટની તપાસનો ધમધમાટ ચાલી રહ્યો છે, જેમાં આતંકવાદી કનેક્શનની આશંકાને પગલે સમગ્ર દેશમાં એલર્ટ જાહેર કરવામાં આવ્યું છે. તપાસમાં અનેક મહત્વપૂર્ણ ખુલાસાઓ થઈ રહ્યા છે. વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ ભૂટાનના પ્રવાસ દરમિયાન સ્પષ્ટતા કરી છે કે આ બ્લાસ્ટના આરોપીઓને કોઈ પણ સંજોગોમાં છોડવામાં આવશે નહીં. જોકે, આ સંવેદનશીલ પરિસ્થિતિ વચ્ચે, ગૃહમંત્રી અમિત શાહે પોતાનો એક દિવસીય ગુજરાત પ્રવાસ રદ કરવો પડ્યો છે. અમિત શાહ તેમના સંસદીય ક્ષેત્રમાં આવતા અમદાવાદ અને મહેસાણાના બે મુખ્ય કાર્યક્રમોમાં હાજરી આપવાના હતા. જેમાં ગૃહમંત્રી તેમના સંસદીય ક્ષેત્રના મહેસાણા જિલ્લાના બોરીયાવી ગામ ખાતે આવેલી મોતીલાલ ચૌધરી સૈનિક શાળામાં દૂધસાગર ડેરી દ્વારા સ્થાપિત ઓર્ગેનિક પ્લાન્ટના લોકાર્પણ પ્રસંગે પણ ઉપસ્થિત રહેવાના હતા. આ કાર્યક્રમમાં પણ હવે તેમની હાજરી રદ કરવામાં આવી છે. અમિત શાહ ૧૩ નવેમ્બરના રોજ અમદાવાદના રિવરફ્રન્ટ ખાતે આયોજિત આંતરરાષ્ટ્રીય પુસ્તક મેળાનું ઉદ્ઘાટન કરવાના હતા. હવે તેઓ આ કાર્યક્રમમાં હાજરી આપી શકશે નહીં.

ભારતીય નેશનલ જનતા દળ પાર્ટીના સ્થાપકના ઘરે રેડ

# ગાંધીનગરમાં ત્રણ સ્થળોએ આવકવેરા વિભાગના દરોડા

## આઈટી ટીમ દ્વારા તેમના ઘરે દસ્તાવેજોની ચકાસણી, સંપત્તિ સહિતના પુરાવાઓની તપાસ કરી રહી હતી

(સંપૂર્ણ સમાચાર સેવા)ગાંધીનગર

ગાંધીનગરથી મોટા સમાચાર આવ્યા છે. શહેરમાં ૩ સ્થળોએ આવકવેરા વિભાગના દરોડા પડ્યા છે. સેક્ટર ૨૬ કિસાનનગરમાં સહિત અન્ય બે જગ્યાઓ પર દરોડા પડ્યા છે.

વહેલી સવારથી IT વિભાગે દરોડા કામગીરી શરૂ કરી છે. પ્રાથમિક માહિતી મુજબ ભારતીય નેશનલ જનતા દળ પાર્ટીના સ્થાપકના ઘરે દરોડા પડ્યા છે.

મીડિયા રિપોર્ટ્સ મુજબ ભારતીય નેશનલ જનતા દળના સ્થાપ સંજય વિઠ્ઠલભાઈ ગજેરા શહેરના ૨૬ નંબરના સેક્ટરમાં કિસાન નગરમાં રહે છે. આજે સવારે આવકવેરા વિભાગના અધિકરીઓની ટીમે તેમના ઘરે પહોંચી હતી. આઈટી ટીમ દ્વારા તેમના ઘરે દસ્તાવેજોની ચકાસણી, સંપત્તિ સહિતના પુરાવાઓની તપાસ કરી હતી.

અત્રે જણાવવાનું કે જે રાજકીય પક્ષો ચૂંટણીમાં ઓછા મત મેળવે છે તેમને Registered Unrecognized Political Parties(અમાન્ય) ગણવામાં આવે છે. એટલે કે આ પક્ષ ચૂંટણીમાં પંચમાં નોંધાયેલા તો હોય છે પરંતુ ઓછા મતો મળવાના કારણે માન્યતા મળતી નથી. ગુજરાતમાં આવા નોંધાયેલા પાંચ પક્ષોને છેલ્લા પાંચ વર્ષમાં થયેલી લોકસભા ચૂંટણીઓ અને વિધાનસભા ચૂંટણીમાં ૨૨ હજાર જેટલા મતો મળ્યા હતા. એડીઆર રિપોર્ટ મુજબ ૨૦૧૯-૨૦થી ૨૦૨૩-૨૪ સમય દરમિયાન ૫ પક્ષો જેટલા ભેગા થઈને કુલ આવક ૨૩૧૬ કરોડ છે જ્યારે એક વર્ષની આવક ૧૧૫૮ કરોડ. તમને જાણીને નવાઈ લાગશે કે દેશમં આવા ટોચના ૧૦ કમાણી કરતા રાજકીય પક્ષોમાં ગુજરાતના ૫ પક્ષોનો સમાવેશ થાય છે અને એમાં પણ જ્યાં દરોડા પડ્યા છે તે ભારતીય નેશનલ જનતા દળ ૯૫૭ કરોડની આવકની દ્રષ્ટિએ ટોચ પર છે.

"કડીમાં હું છું ત્યાં સુધી ખોટું નહીં થવા દઉં

# હું ખાતો નથી અને ખાવા દેતો નથી, નીતિન પટેલના આકરા પ્રહાર

## કડીના ભાવપુરા સ્થિત ઉમિયા માતાજીના મંદિરે ભારતીય જનતા પાર્ટીનો સ્નેહમિલન કાર્યક્રમ યોજાયો હતો

(સંપૂર્ણ સમાચાર સેવા)કડી,

ગુજરાત રાજ્યના પૂર્વ નાયબ મુખ્યમંત્રી નીતિન પટેલે કડીમાં ભારતીય જનતા પાર્ટીના એક સ્નેહમિલન કાર્યક્રમમાં ભ્રષ્ટાચાર કરનારાઓ પર આકરા પ્રહારો કર્યા હતા. તેમણે વડાપ્રધાન નરેન્દ્ર મોદીના મંત્રને દોહરાવીને સ્પષ્ટ સંદેશ આપ્યો કે તેઓ કડીમાં કોઈ પણ પ્રકારનું ખોટું કામ થવા દેશે નહીં.

મંગળવારે રાત્રિ દરમિયાન કડીના ભાવપુરા સ્થિત ઉમિયા માતાજીના મંદિરે ભારતીય જનતા પાર્ટી દ્વારા સ્નેહમિલન કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું હતું. કડી નગરપાલિકાના વોર્ડ નંબર ૬ અને ૯ના કાર્યકર્તાઓ માટે યોજાયેલા આ કાર્યક્રમમાં પૂર્વ નાયબ મુખ્યમંત્રી નીતિન પટેલ મુખ્ય મહેમાન તરીકે ઉપસ્થિત રહ્યા હતા. મોટી સંખ્યામાં કાર્યકર્તાઓ અને નગરપાલિકાના હોદ્દેદારોએ પણ આ પ્રસંગે હાજરી આપી હતી.

પોતાના સંબોધનમાં નીતિન પટેલે વડાપ્રધાન નરેન્દ્ર મોદીના જાણીતા વિજય ઉચ્ચાર 'હું ખાતો નથી અને ખાવા દેતો નથી'ને ટાંક્યો હતો. તેમણે કાર્યકર્તાઓને સંબોધતા કહ્યું કે, "કડીમાં હું છું ત્યાં સુધી ખોટું નહીં થવા દઉં." આ કથન દ્વારા તેમણે ભ્રષ્ટાચાર પ્રત્યેની તેમની ઝીરો-ટોલરન્સ નીતિ સ્પષ્ટ કરી હતી. નીતિન પટેલે આ દરમિયાન પોતાના ધારાસભ્યકાળમાં કડીમાં થયેલા વિવિધ વિકાસકામોની વિગતો પણ રજૂ કરી હતી અને કડીના વિકાસ માટેના તેમના યોગદાનને યાદ કરાવ્યું હતું. સૌથી મહત્ત્વની વાત એ હતી કે, તેમણે પૂર્વ મંત્રી બચુ ખાબડનું નામ લીધા વગર આડકતરી રીતે તેમના પર પ્રહાર કર્યા હતા. તેમણે કહ્યું કે, "મંત્રીની આજુબાજુ રહેનારા અને ઘરના સભ્યો ખોટું કરે તો પણ મંત્રીપદ જાય, આ નિવેદન દ્વારા તેમણે સત્તામાં રહેલા વ્યક્તિની આસપાસના લોકોના ખોટા કામોની ગંભીરતા તરફ ધ્યાન દોર્યું હતું, અને જણાવ્યું હતું કે આવા કૃત્યો આખરે મંત્રીના પદને પણ જોખમમાં મૂકી શકે છે.

# સાયબર ક્રાઈમ આચરતી ગેંગના બે આરોપીની પાટણથી ધરપકડ

(સંપૂર્ણ સમાચાર સેવા)ગાંધીનગર

ગાંધીનગર સાયબર સેન્ટર ઓફ એક્સિલન્સની ટીમ દ્વારા સાયબર ક્રાઈમ આચરતી સિન્ડિકેટના બે સભ્યોને પાટણથી ઝડપી પાડ્યા છે. આરોપીઓ પાસેથી અલગ-અલગ ૨૪ બેંક અકાઉન્ટ મળી આવ્યા છે, જેની સાથે સંકળાયેલી કુલ ૫૪૨ સાયબર ક્રાઈમની અરજી દેશના અલગ-અલગ રાજ્યમાં નોંધાઈ છે. જેમાંથી ગુજરાતમાં કુલ ૭૦ અરજી નોંધાઈ છે.

સમગ્ર સાયબર કૌભાંડમાં આરોપીઓએ રૂ.૨૪૭ કરોડના સાયબર ફ્રોડને અંજામ આપ્યું છે. કેસ મામલે ગાંધીનગર સાયબર સેન્ટર ઓફ એક્સિલન્સની ટીમે ૨ આરોપીની પાટણથી ધરપકડ કરીને આગળની કાર્યવાહી હાથ ધરી છે.

પોલીસ ફરિયાદ મુજબ, દેશમાં સાયબર ફ્રોડની અલગ-અલગ ઘટનાઓ સામે આવતી હોય છે, ત્યારે ગાંધીનગર સાયબર ક્રાઈમની ટીમે બનાસકાંઠાના કાંકરેજ તાલુકાના કસરાના રહેવાસી શૈલેષ ચૌધરી અને દિલીપ ચૌધરી નામના બે આરોપીની ધરપકડ કરી છે. આરોપી ટેલિગ્રામ એકાઉન્ટ બનાવીને થર્ડ પાર્ટીનો OTP એપ્લિકેશનનો ઉપયોગ કરતા હતા અને અલગ-અલગ રાજ્યના નાગરિકો સાથે છેતરપિંડી આચરતા હતા. સાયબર ક્રાઈમના જણાવ્યા અનુસાર, આરોપી દ્વારા ભાડે બેંક ખાતા ખોલાવીને છેતરપિંડીની રકમ તેમાં ટ્રાન્સફર કરતા હતા. હાલ પોલીસે બે આરોપીની ધરપકડ કરી છે. સાયબર ફ્રોડ કેસનો સાગર નામનો મુખ્ય આરોપી દુબઈમાં હોવાનું જણાય છે. પોલીસે સમગ્ર કેસ મામલે વધુ તપાસ હાથ ધરી છે.

# સૌરાષ્ટ્રમાં ફ્લાઈંગ સ્કવોડે ૪.૪૦ કરોડની ખનિજ ચોરી ઝડપી

(સંપૂર્ણ સમાચાર સેવા)રાજકોટ

સૌરાષ્ટ્રમાં ખનિજચોરીનું દૂષણ વધતું જ જાય છે. રાજકોટ ખાણ ખનિજ વિભાગની ફ્લાઈંગ સ્કવોડે જ છેલ્લા છ મહિનામાં આૃધધ રૂા.૪.૪૦ કરોડની ખનિજચોરી પકડી પાડી છે. જેમાં ખનિજ માફિયા માટે રાજકોટ, મોરબી, જામનગર જિલ્લો સ્વર્ગ સમાન હોવાનું માલુમ પડયું છે. કારણ કે, ત્રણેય જિલ્લામાં જ ૮૦ ટકાથી વધુ ખનિજચોરી ઝડપાઈ છે. રાજકોટ ઝોન ખાણ ખનિજ વિભાગની ફ્લાઈંગ સ્કવોડની અલગ-અલગ ટીમો આખા સૌરાષ્ટ્રમાં ગેરકાયદે ખનિજ ખનન, વહન અને સંગ્રહ પર નજર રાખે છે.

એપ્રિલ-૨૦૨૫થી ઓકટોબર-૨૦૨૫ દરમિયાન ફ્લાઈંગ સ્કવોડે રાજકોટ, અમરેલી, જામનગર, જૂનાગઢ, પોરબંદર, મોરબી, સુરેન્દ્રનગર, ભાવનગર અને બોટાદ જિલ્લામાં રૂટીન પેટ્રોલિંગ અને બાતમીના આધારે તપાસ હાથ ધરીને ગેરકાયદે ખનિજ પરિવહનના આૃધધ ૧૬૯ કેસમાં રૂા.૩.૦૬ કરોડની ખનિજચોરી પકડી પાડી હતી.

આ સાથે ખનિજ ખોદકામના ૨૫ કેસમાં ૧.૩૦ કરોડ અને સંગ્રહના એક કેસમાં ૩.૪૯ લાખની ખનિજચોરીનો પર્દાફાશ કર્યો હતો.

ફ્લાઈંગ સ્કવોડ સૂત્રોના જણાવ્યા પ્રમાણે, સૌથી વધુ મોરબી જિલ્લામાં ૪૭ ડમ્પર અને ૧૨ હિટાચી મશીન સાથે રૂા.૨ કરોડની વધુની ખનિજચોરી પકડાઈ છે.

બીજા નંબરે રાજકોટ જિલ્લામાં ૪૯ ડમ્પર અને ૪ હિટાચી મશીન સાથે રૂા.૯૭ લાખ તો ત્રીજા ક્રમે જામનગર જિલ્લામાં ૨૬ ડમ્પર અને ૧ મશીન સાથે રૂા.૫૫.૩ક્ષ લાખની ખનિજ ચોરી ઝડપી લેવામાં સફળતા મળી છે.